ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન




# વિશેષ શિક્ષણમાં માતાપિતાના અધિકારો

જૂન 2026માં સુધારેલ

**ડૉ. લિલી લૉક્સ**
*કમિશનર*

**ડૉ. કિમ્બર્લી એ. મરે**
*કાર્યકારી આસિસ્ટન્ટ કમિશનર*
ડિવીઝન ઑફ એજ્યુકેશનલ સર્વિસીઝ

**ડૉ. નિકોલ એ. બ્યુટન**
*કાર્યકારી ડિરેક્ટર*
ઑફિસ ઑફ સ્પેશિયલ એજ્યુકેશન

ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ
એજ્યુકેશન PO બૉક્સ 500
ટ્રેન્ટન, ન્યૂ જર્સી 08625 0500
(609) 376-9060
www.nj.gov/education/specialed

PTM 1506.13

## રાજ્ય શિક્ષણ બોર્ડ

કેથી એ. ગોલ્ડનબર્ગ........................................................બર્લિંગ્ટન કાઉન્ટી

*પ્રમુખ*

નેડ જેમ્સ જોહ્ન્સન, Ed.D.................................................... સાલેમ કાઉન્ટી

*ઉપપ્રમુખ*

મેરી બેથ બેરી.................................................................. હન્ટરડન કાઉન્ટી

ક્લોડીન કીનન, Ed.D ................................................... એટલાન્ટિક કાઉન્ટી

જીનેટ પેના. ........................................................................હડસન કાઉન્ટી

રોનાલ્ડ કે. બુચર, Ph.D.....................................................ગ્લોસ્ટર કાઉન્ટી

જેક ફોર્નારો ........................................................................ વોરેન કાઉન્ટી

અહમદ શેહાતા ................................................................. યુનિયન કાઉન્ટી

મેરી જી. બેનેટ ................................................................... એસેક્સ કાઉન્ટી

આર્સેલિયો અપોન્ટે ........................................................મિડલસેક્સ કાઉન્ટી

જોસેફ રિકા, જુનિયર, Ed.D.................................................. મોરિસ કાઉન્ટી

જેમ્સ સી. વિલિયમ્સ ............................................................ કેમ્ડન કાઉન્ટી

ડૉ. લિલી લૉક્સ,
કમિશનર

*ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન*

# વિશેષ શિક્ષણમાં માતાપિતાના અધિકારો

---

વિશેષ શિક્ષણ માટે ન્યૂ જર્સી ઍડમિનિસ્ટ્રેટિવ કોડ (*N.J.A.C. 6A:14*) અને ફેડરલ *ઇન્ડિવિઝ્યુઅલ વિથ ડિસેબિલિટીઝ ઍજ્યુકેશન ઍક્ટ 2004* (Individuals with Disabilities Education Act, IDEA 2004) એ એવા કાયદાઓ છે જે વિકલાંગતા ધરાવતા બાળકોને ઓછામાં ઓછા પ્રતિબંધિત વાતાવરણમાં નિ:શુલ્ક, યોગ્ય શિક્ષણની ખાતરી આપે છે. આ કાયદાઓનો એક મહત્વનો ભાગ માતાપિતાને તેમના બાળકોના શિક્ષણમાં ભાગ લેવાનો અધિકાર પૂરો પાડે છે.

તમે અને તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટના પ્રતિનિધિઓ એ ટીમના સભ્યો છો જે તમારા બાળક માટે યોગ્ય શૈક્ષણિક કાર્યક્રમ વિકસાવવા માટે જવાબદાર છે. આ દસ્તાવેજ તમને વિશેષ શિક્ષણ પ્રક્રિયામાં તમારા અધિકારોને સમજવામાં મદદ કરવા માટે વિશેષ શિક્ષણની જોગવાઈને અસર કરતા રાજ્ય અને ફેડરલ કાયદાઓનું વર્ણન કરશે. આ જાણકારી સાથે, તમે તમારા બાળકના શિક્ષણમાં સક્રિય ભૂમિકા નિભાવવા માટે તૈયાર થશો.

આ દસ્તાવેજ તમારા માટે ડિપાર્ટમેન્ટ ઑફ ઍજ્યુકેશન, ઑફિસ ઑફ સ્પેશિયલ ઍજ્યુકેશન, દ્વારા સૌથી વધુ વ્યાપક અને અદ્યતન માહિતી પૂરી પાડવાના પ્રયાસરૂપે વિકસાવવામાં આવ્યો છે. કાયદામાં થતા ફેરફારોને પ્રતિબિંબિત કરવા, તમને ઉપયોગી થશે તેવી વધારાની માહિતી પૂરી પાડવા અને વધુ સ્પષ્ટ અને સંક્ષિપ્ત રીતે માહિતી પૂરી પાડવા માટે દસ્તાવેજમાં સમયાંતરે સુધારો કરવામાં આવે છે.

જો તમને તમારા અધિકારો સમજવામાં વધારાની મદદની જરૂર હોય તો રાજ્યવ્યાપી પેરેન્ટ એડવોકેસી નેટવર્ક (Statewide Parent Advocacy Network, SPAN), ડિસેબિલિટી રાઇટ્સ ન્યૂ જર્સી (Disability Rights New Jersey, DRNJ), ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ ઍજ્યુકેશનની કાઉન્ટી ઑફિસ અને તમારા સ્થાનિક સ્કૂલ ડિસ્ટ્રીક્ટની સંપર્ક માહિતી પૃષ્ઠ 42 પર સૂચિબદ્ધ છે.

**આ *ન્યૂ જર્સી ઍડમિનિસ્ટ્રેટિવ કોડ (N.J.A.C.)* 6A:14-2.3(g)7 અનુસાર જરૂરી પ્રક્રિયાગત સલામતી નિવેદન છે.**

# વિષયસૂચિ


રેફરલ ........ 1
નિર્ણય લેવો અને મીટીંગમાં ભાગ લેવો ........ 1
મીટીંગની નોટીસ ........ 3
લેખિત નોટીસ ........ 3
મૂળ ભાષા અને લેખિત નોટીસ ........ 5
સંમતિ ........ 5
માતાપિતાની વિનંતીઓ ........ 8
વીમાનો ઉપયોગ ........ 9
મૂલ્યાંકન ........ 9
સ્વતંત્ર મૂલ્યાંકન ........ 11
પાત્રતા ........ 13
વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) ........ 13
પુખ્ત વયના જીવનમાં પરિવર્તન ........ 15
પુનઃમૂલ્યાંકન ........ 15
પુખ્તતાની ઉંમરે પહોંચવા પર અધિકારોનું ટ્રાન્સફર ........ 16
એડલ્ટ આઉટ-ઑફ-સ્ટેટ પ્લેસમેન્ટ ........ 16
ગોપનીયતા અને શૈક્ષણિક રેકોર્ડ્સની ઍક્સેસ ........ 17
સરોગેટ પેરેન્ટ ........ 18
તમારા બાળકને બિન-સાર્વજનિક (ખાનગી) સ્કૂલમાં મૂકવું – અસંમતિને કારણે ........ 20
તમારા બાળકને બિન-સાર્વજનિક (ખાનગી) સ્કૂલમાં મૂકવું - પસંદગીને કારણે (સમાન સહભાગી સેવાઓ) ........ 20
અસંમતિનું નિરાકરણ ........ 22
સ્વૈચ્છિક મધ્યસ્થી ........ 22
યોગ્ય પ્રક્રિયાની સુનાવણી ........ 24
ઝડપી યોગ્ય પ્રક્રિયાની સુનાવણી ........ 28
કટોકટીની રાહત માટેની અરજી ........ 28
નિયમિત સુનાવણીની પ્રક્રિયાના અધિકારો ........ 30
એટર્ની ફી ........ 32
રાજ્યની ફરિયાદનું નિરાકરણ ........ 33
શિસ્તભંગની પ્રક્રિયાઓ ........ 42
સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા શબ્દો ........ 46
સંસાધનો ........ 47
પુખ્ત વયના જીવનમાં પરિવર્તન માટે સંસાધનો ........ 47

વિવાદના સમાધાનનું ફોર્મ
- મધ્યસ્થી માટેની વિનંતી
- યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની વિનંતી
- ઝડપી યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે વિનંતી
- કટોકટીની રાહત માટે વિનંતી
- ઍફિડેવિટ અથવા નોટરાઇઝ્ડ નિવેદનના બદલામાં વિનંતી
- મધ્યસ્થી કરારના અમલ માટે વિનંતી
- ઑફિસ ઑફ ઍડમિનિસ્ટ્રેટિવ લો દ્વારા જારી કરાયેલ નિર્ણયના અમલ માટે વિનંતી
- ફરિયાદની તપાસ માટે વિનંતી

*ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન*

# વિશેષ શિક્ષણમાં માતાપિતાના અધિકારો

## રેફરલ

### *રેફરલ (સંદર્ભ) શું છે?*

રેફરલ એ મૂલ્યાંકન માટેની લેખિત વિનંતી છે જે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને જ્યારે બાળકને વિકલાંગતા હોવાની શંકા હોય અને તેને વિશેષ શિક્ષણ સેવાઓની જરૂર પડી શકે એમ હોય ત્યારે આપવામાં આવે છે.

### *કોણ સંદર્ભ આપી શકે છે?*

- માતાપિતાઓ
- સ્કૂલના કર્મચારીઓ
- ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન સહિત વિદ્યાર્થીઓના કલ્યાણ સાથે સંબંધિત એજન્સીઓ

જો તમને લાગતું હોય કે તમારા બાળકને વિકલાંગતા હોઈ શકે છે તો તમે તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટને લેખિત વિનંતી સબમિટ કરીને મૂલ્યાંકન માટે તમારા બાળકને સંદર્ભિત કરી શકો છો[1].

### *જ્યારે સંદર્ભ આપવામાં આવે ત્યારે શું થાય છે?*

સંદર્ભ મળ્યાના 20 કેલેન્ડર દિવસોની[2]અંદર, સ્કૂલ ડિસ્ટ્રીક્ટે મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે કે કેમ તે નક્કી કરવા માટે મીટીંગ કરવી જરૂરી છે. જો મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે તો તમારા બાળકને વિશેષ શિક્ષણ સેવાઓની જરૂર છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે ઉપયોગમાં લેવાતા પરીક્ષણના પ્રકારો અને અન્ય પ્રક્રિયાઓ વિશે બીજો નિર્ણય લેવામાં આવશે. જો મૂલ્યાંકન હાથ ધરવામાં નહીં આવે તો સામાન્ય શિક્ષણમાં વિદ્યાર્થીને પૂરા પાડવામાં આવતા હસ્તક્ષેપો અથવા સેવાઓના સંદર્ભમાં ભલામણો કરવામાં આવી શકે છે.

## નિર્ણય લેવો અને મીટીંગમાં ભાગ લેવો

### *મારા બાળકની વિશેષ શિક્ષણની જરૂરિયાતો અંગેના નિર્ણયો કેવી રીતે લેવામાં આવે છે?*

તમારા બાળકની વિશેષ શિક્ષણની જરૂરિયાતો અંગેના નિર્ણયો મીટીંગમાં લેવામાં આવે છે. વિકલાંગતા ધરાવતા અથવા વિકલાંગ હોઈ શકે તેવા બાળકના માતાપિતા તરીકે, **તમને નીચેના અંગેની મીટીંગોમાં ભાગ લેવાનો અધિકાર છે**:

*[1] વિશેષ શિક્ષણના મુદ્દાઓ વિશે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને લખતી વખતે તમે સ્કૂલના પ્રિન્સિપાલ, વિશેષ શિક્ષણના ડિરેક્ટર, બાળ અભ્યાસ ટીમના સુપરવાઇઝર, કેસ મેનેજર અથવા અન્ય યોગ્ય સ્કૂલ અધિકારીને પત્ર લખી શકો છો.*

*[2] આ સમય માળખામાં સ્કૂલની રજાઓ બાકાત રાખવામાં આવી છે પરંતુ ઉનાળાના વેકેશનને બાકાત રાખવામાં આવ્યું નથી.*

- **ઓળખ** (મૂલ્યાંકન કરવાનો નિર્ણય);
- **મૂલ્યાંકન** (આકારણી પ્રક્રિયાઓની પ્રકૃતિ અને અવકાશ);
- **વર્ગીકરણ** (તમારું બાળક વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે પાત્ર છે કે કેમ તે નક્કી કરવું);
- તમારા બાળકના **વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (Individualized Education Program, IEP)**નો વિકાસ અને સમીક્ષા;
- તમારા બાળકની શૈક્ષણિક **પ્લેસમેન્ટ** ; અને
- **તમારા બાળકનું** પુનઃમૂલ્યાંકન.

**તમને લાયકાત ધરાવતા વ્યક્તિઓની બહુવિધ-શિસ્ત સંબંધી ટીમના** સભ્ય ગણવામાં આવે છે કે જેઓ આ નિર્ણયો લેવા માટે અને તમારા બાળકના વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમને (IEP) વિકસાવવા માટે મળે છે.

**તમને નીચેના અધિકાર છે:**

- જ્યારે જરૂરી હોય ત્યારે સ્કૂલ દ્વારા તમને નિ:શુલ્ક પ્રદાન કરવામાં આવતા દુભાષિયા, અનુવાદક અથવા સાંકેતિક ભાષાના દુભાષિયા રાખવાનો;
- જો તમે રૂબરૂ હાજર ન રહી શકો તો વ્યક્તિગત અથવા કોન્ફરન્સ ટેલિફોન કૉલ્સ અથવા વીડિયો-કોન્ફરન્સિંગ જેવા અન્ય માધ્યમો દ્વારા જરૂરી મીટીંગમાં ભાગ લેવાનો; અને
- મૂલ્યાંકન અહેવાલ(લો), દસ્તાવેજીકરણ અને માહિતીની નકલ મેળવવાનો જેનો ઉપયોગ પાત્રતાના નિર્ધારણ માટે કરવામાં આવશે જે પાત્રતા મીટીંગ પહેલાંના 10 કેલેન્ડર દિવસ કરતાં ઓછા નહીં હોય.

## *શું IEP ટીમના તમામ સભ્યોએ IEP ટીમ મીટીંગોમાં હાજરી આપવી જોઇએ?*

IEP ટીમના તમામ જરૂરી સભ્યોએ IEP ટીમની તમામ મીટીંગોમાં હાજરી આપવી જરૂરી છે, સિવાય કે તમે IEP ટીમના જરૂરી સભ્યને છૂટ આપવા માટે લેખિત સંમતિ આપો. ત્યાં બે સંજોગો હોય છે જ્યારે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ IEP ટીમના સભ્યને મીટીંગમાંથી છૂટ આપવા માટે તમારી સંમતિની વિનંતી કરી શકે છે:

- જો જરૂરી IEP ટીમના સભ્યના ક્ષેત્ર પર ચર્ચા કરવામાં ન આવી રહી હોય[3], તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ ટીમના તે સભ્યને મીટીંગના ભાગમાંથી અથવા સમગ્ર મીટીંગમાંથી છૂટ આપવા માટે તમારી લેખિત સંમતિ માંગી શકે છે. સંમતિ માટેની વિનંતી મીટીંગની સૂચના સાથે મોકલવી જરૂરી છે. જો તમે સંમત થાઓ છો કે ટીમના સભ્યને છૂટ આપવામાં આવી શકે છે તો તમારે સંમતિ માટેની વિનંતી પર સહી કરવી જરૂરી છે અને તેને સ્કૂલમાં પરત કરવી જરૂરી છે. સંમતિ માટેની તમામ વિનંતીઓની જેમ જ તમે સંમતિ આપવાનો ઇનકાર કરી શકો છો અને પછી ટીમના સભ્યએ મીટીંગમાં હાજરી આપવી જરૂરી છે.
- જો જરૂરી IEP ટીમના સભ્યના ક્ષેત્ર પર ચર્ચા થઈ રહી હોય તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તે સભ્યને મીટીંગના ભાગમાંથી અથવા સમગ્ર મીટીંગમાંથી છૂટ આપવા માટે તમારી લેખિત સંમતિ માંગી શકે છે. સંમતિ માટેની વિનંતી મીટીંગની નોટીસ સાથે મોકલવી જરૂરી છે અને તેમાં ટીમના સભ્ય તરફથી લેખિત ઇનપુટનો સમાવેશ થવો જરૂરી છે. લેખિત ઇનપુટ મીટીંગ પહેલાં IEP ટીમના અન્ય સભ્યોને પણ

*[3] ઉદાહરણ તરીકે, જો IEP ટીમ મીટીંગનો હેતુ સ્પીચ-લેંગ્વેજ થેરાપી જેવી સંબંધિત સેવામાં ફેરફારોની ચર્ચા કરવાનો હોય તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ સામાન્ય શિક્ષણના શિક્ષક અથવા વિશેષ શિક્ષણના શિક્ષકને છૂટ આપવાનું કહી શકે છે કારણ કે ક્લાસરૂમના શિક્ષણમાં કોઈ ફેરફાર થયો નથી અને તેથી, શિક્ષકના ક્ષેત્ર પર ચર્ચા કરવામાં આવશે નહીં.*

મોકલવા જરૂરી છે. જો તમે સંમત થાઓ છો કે ટીમના સભ્યને છૂટ આપવામાં આવી શકે છે તો તમારે સંમતિ માટેની વિનંતી પર સહી કરવી જરૂરી છે અને તેને સ્કૂલમાં પરત કરવી જરૂરી છે. સંમતિ માટેની તમામ વિનંતીઓની જેમ જ તમે સંમતિ આપવાનો ઇનકાર કરી શકો છો અને પછી ટીમના સભ્યએ મીટીંગમાં હાજરી આપવી જરૂરી છે.

## મીટીંગની નોટીસ

### *મીટીંગમાં ભાગ લેવા માટે મને કેવી રીતે આમંત્રિત કરવામાં આવશે?*

તમારી પાસે તમારા બાળક માટે મીટીંગો અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગ લેવાની તક છે તેની ખાતરી કરવા માટે, તમારા બાળક માટે વિશેષ શિક્ષણ વિશેની મીટીંગો તમને અને ડિસ્ટ્રીક્ટને અનુકૂળ હોય તેવા સમયે અને સ્થળ પર સુનિશ્ચિત કરવી જરૂરી છે. તમને હાજર રહેવાની તક મળશે તેની ખાતરી કરવા માટે સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમને લેખિતમાં વહેલી જાણ કરવી જરૂરી છે.

### *મીટીંગની નોટીસમાં કઈ માહિતીનો સમાવેશ હોવો જરૂરી છે?*

મીટીંગની લેખિત નોટીસમાં હેતુ, સમય, સ્થાન અને કોણ હાજર રહેશે તે જણાવવું જરૂરી છે અને:

- તમને એ જણાવવું કે તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રીક્ટ મીટીંગ માટે અન્ય એવી વ્યક્તિઓને આમંત્રિત કરી શકો છો કે જેઓ તમારા બાળક વિશે જાણકારી અથવા વિશેષ કુશળતા ધરાવે છે જેમાં સંબંધિત સેવાઓના કર્મચારીઓનો સમાવેશ થાય છે. વ્યક્તિ પાસે આવી જાણકારી અથવા વિશેષ કુશળતા છે કે કેમ તેનું નિર્ધારણ પક્ષકાર (તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રીક્ટ) દ્વારા નક્કી કરવામાં આવે છે જેણે વ્યક્તિને આમંત્રણ આપ્યું હતું;
- 14 વર્ષની ઉંમરથી શરૂ કરીને અથવા તેથી ઓછી ઉંમરે, જો યોગ્ય હોય તો, વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થી માટેની નોટીસ એ પણ સૂચવવું જરૂરી છે કે મીટીંગનો હેતુ જરૂરી પરિવર્તન સેવાઓની વિચારણા છે અને સ્કૂલ વિદ્યાર્થીને મીટીંગમાં હાજર રહેવા માટે આમંત્રિત કરશે.

### *જો હું હાજર રહેવા માટે અસમર્થ હોઉં તો શું સ્કૂલ ડિસ્ટ્રીક્ટ મીટીંગ યોજી શકે છે?*

હા. સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તમારા વિના મીટીંગ યોજી શકે છે. સ્કૂલ ડિસ્ટ્રીક્ટ આવું કરી શકે છે જો તે એ દસ્તાવેજ કરવામાં સક્ષમ હોય કે તેણે તમારી સાથે મીટીંગ સુનિશ્ચિત કરવા અથવા ટેલિફોન અથવા વિડીયો-કોન્ફરન્સિંગ દ્વારા મીટીંગમાં તમારી સહભાગિતા મેળવવા માટે ઘણા બધા પ્રયાસો કર્યા છે અને તેમ કરવામાં અસમર્થ હતા.

## લેખિત નોટીસ

### *મારા બાળકની વિશેષ શિક્ષણની જરૂરિયાતો સંબંધિત નિર્ણયો અંગે મને જાણ કેવી રીતે કરવામાં આવશે?*

તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તમને લેખિત નોટીસ આપીને તમારા બાળક વિશે લેવામાં આવતા નિર્ણયો અંગે તમને જાણ કરશે.

**સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા સૂચિત કાર્યવાહીનો અમલ કરવામાં આવે તે પહેલાં ઓછામાં ઓછા 15 કેલેન્ડર દિવસ અગાઉ લેખિત નોટિસ આપવી આવશ્યક છે, જેથી તમે દરખાસ્ત પર વિચાર કરી શકો જ્યારે**

**સ્કૂલ ડિસ્ટ્રીક્ટ:**

- **શરૂ કરવાનો અથવા બદલવાની દરખાસ્ત કરે:**
  - ઓળખ, મૂલ્યાંકન અને વર્ગીકરણ કરે;
  - IEP અથવા શૈક્ષણિક પ્લેસમેન્ટનો અમલ કરે;
  - તમારા બાળકને નિ:શુલ્ક, યોગ્ય જાહેર શિક્ષણ (Free, Appropriate Public Education, FAPE) ની જોગવાઈ કરે;
  - પુનઃમૂલ્યાંકન કરે;
- **સંમતિ માટે પૂછે;** અને
- **તમે તમારા બાળક માટે નિ:શુલ્ક, યોગ્ય જાહેર શિક્ષણની ઓળખ, મૂલ્યાંકન, શૈક્ષણિક પ્લેસમેન્ટ અથવા જોગવાઈ અંગે લેખિતમાં કરેલી વિનંતીને મંજૂર કરે અથવા નકારે**.

## *લેખિત નોટીસમાં શું શામેલ હોવું જરૂરી છે?*

લેખિત નોટીસમાં ડિસ્ટ્રીક્ટની દરખાસ્તનું સંપૂર્ણ વર્ણન અને તમને વિશેષ શિક્ષણના કાયદા હેઠળ અધિકારો છે તેવું નિવેદનનો સમાવેશ હોવો જરૂરી છે. જો ડિસ્ટ્રીક્ટ પ્રારંભિક મૂલ્યાંકન હાથ ધરવાનું અથવા હાથ ન ધરવાનું નક્કી કરે તો નીચે સૂચિબદ્ધ તમામ બાબતો ઉપરાંત, ડિસ્ટ્રીક્ટે તમને વિશેષ શિક્ષણ નિયમોની અને યોગ્ય પ્રક્રિયાની સુનાવણીના નિયમોની નકલ આપવી જરૂરી છે.

**લેખિત નોટીસ આપતી વખતે સ્કૂલ ડિસ્ટ્રીક્ટે હંમેશા:**

- તે જે કાર્યવાહીની દરખાસ્ત કરે છે અથવા ઇનકાર કરે છે તેનું વર્ણન કરવું જરૂરી છે;
- તે શા માટે પગલાં લઈ રહી છે અથવા નથી લઈ રહી તે સમજાવવું જરૂરી છે;
- ધ્યાનમાં લેવાયેલા અન્ય વિકલ્પોનું વર્ણન કરવું જરૂરી છે અને તે વિકલ્પો શા માટે નકારવામાં આવ્યા હતા તે સમજાવવું જરૂરી છે;
- નિર્ણય લેવા માટે ડિસ્ટ્રીક્ટ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી પ્રક્રિયાઓ, પરીક્ષણો, રેકોર્ડ્સ અથવા અહેવાલોનું લાગુ પડે તેમ વર્ણન કરવું જરૂરી છે;
- ડિસ્ટ્રીક્ટની દરખાસ્ત અથવા ઇનકાર સાથે સંબંધિત કોઈપણ અન્ય પરિબળોનું વર્ણન કરવું જરૂરી છે; અને
- સૂચના સામેલ કરવી જરૂરી છે કે તમને વિશેષ શિક્ષણના કાયદા હેઠળ અધિકારો છે.

## *સૂચિત કાર્યવાહી ક્યારે શરૂ થશે?*

તમે સૂચિત કાર્યવાહી પર વિચાર કરી શકો તે માટેની તકનો સમયગાળો પૂરો થયા પછી, જે 15 કૅલેન્ડર દિવસનો છે, જિલ્લા શિક્ષણ બોર્ડ સૂચિત કાર્યવાહીનો અમલ કરી શકે છે, સિવાય કે તમે સૂચિત કાર્યવાહી સાથે અસંમત હો અને જિલ્લા શિક્ષણ બોર્ડ અસંમતિનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરવા માટે કાર્યવાહી કરે અથવા તમે મધ્યસ્થી અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરો. ઉપરોક્ત 15મા કૅલેન્ડર દિવસની સમયમર્યાદા પૂર્ણ થાય તે પહેલાં મધ્યસ્થી અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે કરવામાં આવેલી વિનંતી સૂચિત કાર્યવાહીનો અમલ વિલંબિત કરશે.

## *મને આ પુસ્તિકાની નકલ ક્યારે પ્રદાન કરવી જરૂરી છે?*

આ પુસ્તિકાની નકલ તમને વર્ષમાં એક વખત આપવી જરૂરી છે અને જ્યારે પણ:

- માતાપિતા નકલની વિનંતી કરે ત્યારે;

- તમારા બાળકને પ્રારંભિક મૂલ્યાંકન માટે સંદર્ભિત કરવામાં આવે ત્યારે;
- યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની પ્રથમ વિનંતી અથવા ફરિયાદ માટેની પ્રથમ વિનંતી સ્કૂલ વર્ષમાં શિક્ષણ વિભાગને સબમિટ કરવામાં આવે ત્યારે; અને
- શિસ્તભંગના પગલાં લેવાનો નિર્ણય લેવામાં આવે જે પ્લેસમેન્ટમાં ફેરફાર કરે ત્યારે.

અન્ય તમામ સમયે, ડિસ્ટ્રીક્ટે તમને એ સમજાવતું નિવેદન આપવું જરૂરી છે કે:

- જે વિદ્યાર્થી વિશેષ શિક્ષણ સેવાઓ માટે પાત્ર છે અથવા હોઈ શકે છે તેના માતાપિતા તરીકે, તમે વિશેષ શિક્ષણના કાયદા હેઠળ અધિકારો ધરાવો છો;
- તમે પ્રક્રિયાગત સલામતી નિવેદન (PRISE) ની નકલ કેવી રીતે મેળવી શકો છો; અને
- વિશેષ શિક્ષણના નિયમોને સમજવામાં મદદ માટે સ્રોતો કે જેનો તમે સંપર્ક કરી શકો છો.

**ઇલેક્ટ્રોનિક મેઇલ**
જો તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ માતાપિતાઓને ઇમેઇલ દ્વારા નોટીસો મેળવવાનો વિકલ્પ આપે છે તો તમે નીચેની નોટીસો ઇલેક્ટ્રોનિક રીતે મેળવવાનું પસંદ કરી શકો છો:

- લેખિત નોટીસ;
- પ્રક્રિયાગત સલામતી નોટીસ; અને
- યોગ્ય પ્રક્રિયાની ફરિયાદ સંબંધિત નોટીસો.

## મૂળ ભાષા અને લેખિત નોટીસ

**લેખિત નોટીસ સામાન્ય લોકો માટે સમજી શકાય તેવી ભાષામાં અને તમારી મૂળ ભાષામાં અથવા સંદેશાવ્યવહારના અન્ય મુખ્ય માધ્યમમાં હોવી જરૂરી છે.** જો આ લેખિત ભાષા ન હોય તો સ્કૂલે એ સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવા જરૂરી છે કે નોટીસનું મૌખિક રીતે અથવા અન્ય માધ્યમથી તમારી મૂળ ભાષામાં અથવા સંદેશાવ્યવહારના અન્ય માધ્યમમાં અનુવાદ કરવામાં આવે. જો તમારી ભાષા લેખિત ભાષા ન હોય તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટે એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે તમે નોટીસ સમજો છો અને તેણે દસ્તાવેજ કરવો જરૂરી છે કે તમે નોટીસ સમજો છો.[4]

### *ડિસ્ટ્રીક્ટે મને લેખિત નોટીસ ક્યારે આપવી જરૂરી છે?*

ઓળખ, મૂલ્યાંકન અથવા પુનઃમૂલ્યાંકન, IEP અથવા પ્લેસમેન્ટ સંબંધિત મીટીંગના 15 કેલેન્ડર દિવસની અંદર સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમને કરવામાં આવેલા કોઈપણ નિર્ણયો અને/અથવા પ્રસ્તાવિત અથવા નામંજૂર કરાયેલી કોઈપણ કાર્યવાહીઓની લેખિત નોટીસ આપવી જરૂરી છે. જ્યારે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ પ્રસ્તાવિત કાર્યવાહી માટે તમારી સંમતિ માંગે ત્યારે પણ લેખિત નોટીસ આપવી જરૂરી છે. જો માતાપિતા લેખિતમાં સંમત થાય તો પ્રસ્તાવિત કાર્યવાહી વહેલો અમલ થઈ શકે છે.

## સંમતિ

### *સંમતિનો અર્થ શું છે?*

*[4] આ જરૂરિયાતમાં જ્યારે યોગ્ય હોય ત્યારે સાંકેતિક ભાષાના દુભાષિયા પૂરા પાડવાનો સમાવેશ થાય છે.*

સંમતિનો અર્થ એ છે કે તમને પ્રસ્તાવિત પ્રવૃત્તિ વિશે માહિતગાર નિર્ણય લેવા માટે જરૂરી તમામ માહિતી આપવામાં આવી છે. સંમતિનો અર્થ એવો પણ થાય છે કે તમે પ્રસ્તાવિત પ્રવૃત્તિને સમજો છો અને લેખિતમાં સંમત થાઓ છો. તેથી, લેખિત નોટીસ તમારી લેખિત સંમતિ માટેની કોઈપણ વિનંતીનો ભાગ હોવી જરૂરી છે.

**સંમતિ તાત્કાલિક છે.** આનો અર્થ એ છે કે તમે તમારી લેખિત સંમતિ આપો ત્યારપછી સ્કૂલ ડિસ્ટ્રીક્ટે શક્ય તેટલી વહેલી તકે પ્રવૃત્તિ શરૂ કરવી જરૂરી છે.

## *સ્કૂલ ડિસ્ટ્રીક્ટે મારી સંમતિ ક્યારે મેળવવી જરૂરી છે?*

તમારી સંમતિ જરૂરી છે:

- **તમારું બાળક વિશેષ શિક્ષણ માટે પાત્ર છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે** તમારા બાળકનું પ્રથમ વખત મૂલ્યાંકન કરવામાં આવે ત્યાર પહેલાં;
- **તમારા બાળકનો વિશેષ શિક્ષણ કાર્યક્રમ પ્રથમ વખત શરૂ થાય ત્યાર પહેલાં;**
- **પુનઃમૂલ્યાંકનના ભાગરૂપે તમારા બાળકની પરીક્ષણ કરવામાં આવે ત્યાર પહેલાં.** જોકે, જો ડિસ્ટ્રીક્ટ દર્શાવી શકે કે તેણે તમારા બાળકના પુનઃમૂલ્યાંકન માટે તમારી સંમતિ મેળવવાનો પ્રયાસ કર્યો હતો અને તમે પ્રતિસાદ આપ્યો ન હતો, તો ડિસ્ટ્રીક્ટ તમારી સંમતિ વિના મૂલ્યાંકન કરવા આગળ વધી શકે છે;
- **તમારા બાળકના રેકોર્ડ્સ એવી વ્યક્તિ અથવા સંસ્થા કે જે તેને જોવા માટે અન્યથા અધિકૃત નથી તેને** જાહેર કરવામાં આવે ત્યાર પહેલાં;
- **દર વખતે જ્યારે તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તમારા બાળકને આવરી લેતો** ખાનગી વીમો મેળવવા ઇચ્છે ત્યારે;
- **પ્રથમ વખત જ્યારે તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તમારા બાળકને આવરી લેતા** જાહેર લાભો અથવા વીમો મેળવવા ઇચ્છે ત્યારે;
- **જ્યારે પણ તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ IEP ટીમની મીટીંગમાંથી** જરૂરી ટીમ સભ્યને છૂટ આપવા ઇચ્છે ત્યારે;
- **જ્યારે પણ તમારા બાળકના IEP માં IEP ટીમની મીટીંગ વિના સુધારો કરવામાં આવે ત્યારે;** અને
- **જ્યારે પણ તમે તમારા બાળકનું પુનઃમૂલ્યાંકન છોડી દેવા માટે સંમત થાઓ ત્યારે.**

## *જો હું પ્રસ્તાવિત પ્રવૃત્તિ માટે સંમતિ ન આપું તો શું થશે?*

જો તમે પ્રસ્તાવિત પ્રારંભિક મૂલ્યાંકન, પુનઃમૂલ્યાંકન અથવા રેકોર્ડ જાહેર કરવા સાથે અસંમત હોવ અને સંમતિ ન આપો તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ આગળ વધી શકશે નહીં. જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ આમાંની કોઈપણ પ્રસ્તાવિત પ્રવૃત્તિઓ સાથે આગળ વધવા માંગતી હોય તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટે ઍડમિનિસ્ટ્રેટિવ લો જજ (વહીવટી કાયદાના ન્યાયાધીશ) (Administrative Law Judge, ALJ) પાસેથી સંમતિ મેળવવા માટે યોગ્ય પ્રક્રિયાની સુનાવણી (પૃષ્ઠ 17 જુઓ) માટે કહેવું જરૂરી છે. યોગ્ય પ્રક્રિયાની સુનાવણી વખતે ALJ નક્કી કરશે કે તમારા બાળકનું મૂલ્યાંકન, પુનઃમૂલ્યાંકન કરી શકાય છે કે કેમ અથવા તમારા બાળકના રેકોર્ડ્સ તમારી સંમતિ વિના જાહેર કરી શકાય છે કે કેમ.

જો તમે પ્રારંભિક IEP નો અમલ કરવા, જાહેર વીમા (જેમ કે મેડિકેડ) લેવાની અથવા તમારા બાળકને

આવરી લેતો તમારો ખાનગી વીમો લેવાની દરખાસ્ત, તો IEP ટીમના જરૂરી સભ્યને મીટીંગમાંથી છૂટ આપવાની વિનંતી, મીટીંગ વિના તમારા બાળકના IEP માં સુધારો કરવાની વિનંતી અથવા તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા તમારા બાળકના પુનઃમૂલ્યાંકનને (ત્રણ વર્ષ) છૂટ આપવાની વિનંતી સાથે સંમત ન હોવ તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તે જે વિનંતી કરે છે તે કરી શકશે નહીં. જો તમે સંમતિ ન આપો તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ આમાંથી કોઈપણ પ્રકારની વિનંતીઓ માટે ALJ પાસેથી સંમતિ માંગવા માટે યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે ફાઇલ કરી શકશે નહીં.

## *શું હું મારી સંમતિ આપ્યા પછી પાછી ખેંચી શકું છું?*

**સંમતિ આપવી એ સ્વૈચ્છિક છે.** તમે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને લખીને કોઈપણ સમયે તમારી સંમતિ રદ કરી (પાછી ખેંચી) શકો છો. સંમતિ રદ કરવાથી સંમતિ આપવામાં આવી હતી ત્યાર પછીની અને સંમતિ રદ કરવામાં આવી ત્યાર પહેલાં થયેલી કાર્યવાહીને નકારી શકાતી નથી. જો તમે તમારા બાળકને વિશેષ શિક્ષણ અને/અથવા સંબંધિત સેવાઓ મળ્યા પછી તમારી સંમતિ રદ કરવા માટે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને લખો છો તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ પાસે નોટીસ સાથે તમારા લેખિતમાં પાછું ખેંચી લેવાનો જવાબ આપવા માટે 10 દિવસનો સમય છે. સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમારી સંમતિ રદ કરવાનું લેખિતમાં આપેલ સ્વીકારવું જરૂરી છે અને તમારી સંમતિ રદ કરવાનું લેખિતમાં આપેલ હોય તેને ઉલટાવવા માટે મધ્યસ્થી અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણીનો ઉપયોગ કરી શકતા નથી.

સ્કૂલ ડિસ્ટ્રીક્ટ સંમતિ રદ કરવા અંગે ચર્ચા કરવા માટે તમને મળવાનું નક્કી કરી શકે છે. સંમતિ રદ કરવાનું લેખિતમાં આપ્યાનો જવાબ આપવા માટે મીટીંગ 20 દિવસના સમયની અંદર યોજવી જરૂરી છે અને તમે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને તમારી સંમતિ રદ કરવાનું લેખિતમાં આપો ત્યાર પછી સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમને 20મા દિવસે નોટીસ મોકલવી જરૂરી છે. એકવાર લેખિત નોટીસ તમને મોકલવામાં આવે ત્યાર પછી તમારી પાસે લેખિત નોટીસ પર વિચાર કરવા માટે અને સંમતિ રદ કરવાનું લેખિત આપેલ પાછું ખેંચવા માટે, જો તમે પસંદ કરો તો, 15 દિવસનો સમય હોય છે. 15 દિવસનો સમયગાળો પૂરો થઈ જાય ત્યારબાદ તે તારીખ પછીથી તમારા બાળકને શિસ્ત સંબંધી બાબતો સહિતના તમામ હેતુઓ માટે સામાન્ય શિક્ષણનો વિદ્યાર્થી ગણવામાં આવશે.

જો તમે પછીથી નક્કી કરો કે તમારું બાળક વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ મેળવે એવું તમે ઇચ્છો છો તો તમારે તમારા બાળકના મૂલ્યાંકન માટે લેખિત વિનંતી કરવી જરૂરી છે. સેવાઓ તરત જ પુનઃસ્થાપિત થઈ શકશે નહીં. તેના બદલે તમારા બાળકનું પ્રારંભિક મૂલ્યાંકન પૂર્ણ થવું જરૂરી છે અને જો તમારું બાળક તે મૂલ્યાંકન પૂર્ણ થયા પછી વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે પાત્ર હોવાનું નિર્ધારિત થાય તો તેના અથવા તેણી માટે વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) વિકસાવવામાં આવશે. તમારા બાળકને વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ ત્યાં સુધી પૂરી પાડી શકાતી નથી કે જ્યાં સુધી નવું IEP પૂરું ન થઈ જાય અને "તમે તેની સાથે સંમત ન થઈ જાઓ" અને તમને નોટીસ આપવામાં ન આવે.

## *શું હું મારા બાળકના કાર્યક્રમના ભાગ માટે મારી સંમતિ પાછી ખેંચી શકું છું?*

**ના.** જ્યારે તમે સંમતિ રદ કરો છો ત્યારે તે તમામ વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે છે. તમે ફક્ત એવી સેવાઓ માટે સંમતિ રદ કરી શકશો નહીં કે જે તમારું બાળક મેળવે એવું તમે ઇચ્છતા નથી. જો તમે ચોક્કસ સેવાઓ અથવા જ્યાં સેવાઓ પૂરી પાડવામાં આવી રહી હોય તે પ્લેસમેન્ટ અંગે તમારા ડિસ્ટ્રીક્ટ સાથે અસંમત હોવ તો તમારે સેવાઓની ચર્ચા કરવા માટે IEP ટીમ સાથે મીટીંગ યોજવી જોઇએ. જો તમે અને ટીમના અન્ય સભ્યો જ્યારે તમે મળો ત્યારે સંમત ન હોવ તો તમે વિવાદના નિરાકરણ માટે આ પુસ્તિકામાં પછીથી વર્ણવેલ વિવાદના સમાધાનની પ્રક્રિયાઓનો ઉપયોગ કરી શકો છો.

### *જો માતાપિતા વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે સંમતિ રદ કરે છે, તો શું ડિસ્ટ્રીક્ટે વિદ્યાર્થીના રેકોર્ડમાં સુધારો કરવો જરૂરી છે કારણ કે સંમતિ રદ કરવામાં આવી છે?*

**ના.** વિદ્યાર્થીને શરૂઆતમાં વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવામાં આવી હોય પછી જો માતાપિતા સંમતિ રદ કરે, તો માતાપિતા એવી વિનંતી કરી શકે છે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જોગવાઈના સંદર્ભો દૂર કરવા માટે વિદ્યાર્થીના રેકોર્ડમાં સુધારો કરે. જોકે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓની પ્રાપ્તિ માટેના કોઈપણ સંદર્ભો દૂર કરવાની જરૂર નથી કારણ કે સંમતિ રદ કરવામાં આવી છે.

### *મારા બાળકના કાર્યક્રમ અથવા પ્લેસમેન્ટમાં ફેરફાર કરવાની દરખાસ્ત આવે ત્યારે શું દર વખતે સ્કૂલ ડિસ્ટ્રીક્ટે મારી સંમતિ મેળવવી જરૂરી છે?*

**ના.** એકવાર સેવાઓ શરૂ થઈ જાય પછી તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રીક્ટ IEP મીટીંગમાં તમારા બાળકના કાર્યક્રમ અથવા પ્લેસમેન્ટમાં ફેરફારની દરખાસ્ત કરી શકો છો. ફેરફારોનો અમલ કરવા માટે તમારી સંમતિની જરૂર નથી. સ્કૂલ ડિસ્ટ્રીક્ટે ઉપર વર્ણવ્યા મુજબ તમને પ્રસ્તાવિત ફેરફારોની લેખિત નોટીસ આપવી જરૂરી છે.

### *જ્યારે હું અસંમત હોઉં ત્યારે પ્રસ્તાવિત કાર્યવાહીને હું કેવી રીતે રોકી શકું છું?*

**તમારે લેખિત નોટીસ મળ્યા પછી મધ્યસ્થી અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરવી જરૂરી છે (મૂળ ભાષા અને લેખિત નોટીસના વિભાગો જુઓ).** મધ્યસ્થી અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરવા માટે, તમારી વિનંતી તમારે લેખિતમાં રજૂ કરવી જોઇએ અને તેને શિક્ષણ વિભાગ અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટને મોકલવી જરૂરી છે. આ પુસ્તિકાના અંતે મધ્યસ્થી/યોગ્ય પ્રક્રિયાની સુનાવણી વિનંતી ફૉર્મનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે અસંમતિનું નિરાકરણ લાવવામાં આવી રહ્યું હોય ત્યારે તમારા બાળકનું વર્તમાન પ્લેસમેન્ટ અને સેવાઓ સમાન જ રહેશે. આને **"સ્ટે-પુટ"** કહેવાય છે.

**જો તમે પ્રસ્તાવિત કાર્યવાહી સાથે અસંમત હોવ અને તમે મધ્યસ્થી અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી દ્વારા તમારી અસંમતિ વિશે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને જાણ નથી કરતા, તો પ્રસ્તાવિત કાર્યવાહીનો અમલ થઈ શકે છે.**

## માતાપિતાની વિનંતીઓ

તમે તમારા બાળકના મૂલ્યાંકન, પાત્રતા, IEP અથવા પ્લેસમેન્ટમાં ફેરફારની વિનંતી કરી શકો છો. જ્યારે પણ તમે સ્કૂલને આવી વિનંતી કરો છો ત્યારે તમારે વિનંતી લેખિતમાં કરવી જોઇએ અને તમારા રેકોર્ડ માટે તેની એક નકલ રાખવી જોઇએ. સ્કૂલ પાસે તમને લેખિતમાં જવાબ આપવા માટે 20 કેલેન્ડર દિવસનો સમય હોય છે. 20 દિવસમાં સ્કૂલની રજાઓની ગણતરી કરવામાં આવતી નથી. પરંતુ, ઉનાળા દરમિયાન સ્કૂલોએ 20 દિવસની અંદર જવાબ આપવો જરૂરી છે. જવાબમાં નોટીસના ઘટકોનો સમાવેશ હોવો જરૂરી છે (જુઓ પૃષ્ઠ 3). ઉપરાંત, જો તમારી વિનંતીનો જવાબ આપવા માટે મીટીંગની જરૂર હોય તો વિનંતીના 20 દિવસની અંદર મીટીંગ યોજવી જરૂરી છે. જો તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ માતાપિતાઓને લેખિત વિનંતીઓ ઇલેક્ટ્રોનિક મેઇલ દ્વારા સબમિટ કરવાની પરવાનગી આપતી નીતિ અપનાવે છે તો તમે સ્કૂલની ઇમેઇલ નીતિનું પાલન કરીને તમારી વિનંતીઓ સબમિટ કરી શકો છો. અન્યથા, આવી વિનંતિઓ લેખિતમાં અથવા ટાઈપ કરેલી હોવી જરૂરી છે અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટને આપવી જોઇએ.

## વીમાનો ઉપયોગ

### *સ્કૂલ ડિસ્ટ્રીક્ટ માટે જરૂરી છે કે હું મારા બાળકનું મૂલ્યાંકન કરાવવા માટે મારા ખાનગી તબીબી વીમા અથવા જાહેર વીમા અથવા મારા બાળકને આવરી લેતા લાભોનો ઉપયોગ કરું અથવા મારા બાળકને નિ:શુલ્ક, યોગ્ય જાહેર શિક્ષણ (FAPE) આપવા માટે જરૂરી વિશેષ શિક્ષણ અથવા સંબંધિત સેવાઓનો ઉપયોગ કરું?*

ના. તમારા બાળકનું મૂલ્યાંકન કરાવવા માટે અથવા તમારા બાળકને FAPE મેળવવા માટે જરૂરી હોય તેવી વિશેષ શિક્ષણ અથવા સંબંધિત સેવાઓ (દા.ત. શારીરિક થેરાપી, સ્પીચ-લેંગ્વેજ સેવાઓ) પૂરી પાડવા માટે તમારા બાળકને આવરી લેતા જાહેર અથવા ખાનગી વીમાનો ઉપયોગ કરવા માટે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને તમારી સંમતિની જરૂર ન પણ હોઈ શકે. જોકે, જો તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ લેખિત નોટીસ આપે છે અને તમે સંમતિ આપો છો, તો જાહેર અથવા ખાનગી વીમો અથવા લાભોનો ઉપયોગ કરી શકાય છે. ડિસ્ટ્રીક્ટે તમને જાણ કરવી જરૂરી છે કે સંમતિ આપવી તે સ્વૈચ્છિક છે.[5]ઉપરાંત, દર વખતે જ્યારે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તમારા બાળક માટે વિશેષ શિક્ષણ અથવા સંબંધિત સેવાઓ મેળવવા માટે તમારા બાળકને આવરી લેતા ખાનગી વીમાનો ઉપયોગ કરે ત્યારે તેના દ્વારા તમારી સંમતિની વિનંતી થવી જરૂરી છે અને સંમતિ મેળવવી જરૂરી છે અને ફેડરલ નિયમનો અનુસાર, જ્યારે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ પ્રથમ વખત તમારા બાળકને આવરી લેતા જાહેર વીમા અથવા લાભોનો ઉપયોગ કરવા માંગે ત્યારે જરૂરી છે. આનો અર્થ એ થાય કે, ઉદાહરણ તરીકે, જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તમારા બાળકના IEP દ્વારા આવરી લેવામાં આવતા સ્કૂલ વર્ષ માટે અઠવાડિયામાં એક વખત તમારા બાળકને શારીરિક થેરાપી આપવા માટે તમારા વીમાનો ઉપયોગ કરવાનું કહે, તો વર્ષ માટે શારીરિક થેરાપી આપવા માટે તમારો વીમાનો ઉપયોગ કરવા માટે તમારી સંમતિ સ્કૂલ વર્ષની શરૂઆતમાં આપવી જરૂરી છે. જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તમારા વીમાનો ઉપયોગ પછીથી અન્ય સેવા પૂરી પાડવા માટે કરવા ઇચ્છે તો તે તમારા વીમાનો ઉપયોગ કરી શકે એ પહેલાં તેણે ફરીથી તમારી સંમતિ માંગવી જરૂરી છે.

### *શું મારી ડિસ્ટ્રીક્ટ મારા મેડિકેડ લાભો ઍક્સેસ કરી શકે છે?*

તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ સ્પેશિયલ ઍજ્યુકેશન મેડિકેડ ઇનિશિયેટિવ (Special Education Medicaid Initiative, SEMI) પ્રોગ્રામ દ્વારા નાણાં મેળવવા માટે તમારા મેડિકેડ લાભો ઍક્સેસ કરી શકે છે. જો માતાપિતા દ્વારા સંમતિ પત્રક પર સહી કરવામાં આવે ફક્ત તો જ સ્કૂલ ડિસ્ટ્રીક્ટ મેડિકેડ લાભો ઍક્સેસ કરી શકે છે. સંમતિ પત્રક પર સહી કરવાથી તમારા બાળકના મેડિકેડ સ્વાસ્થ્ય કવરેજ પર કોઈ અસર પડશે નહીં. ડિસ્ટ્રીક્ટે માતાપિતાને દર વર્ષે એકવાર રીમાઇન્ડર મોકલવી પણ જરૂરી છે કે જે SEMI પ્રોગ્રામનું વર્ણન કરે છે.

## મૂલ્યાંકન

### *મૂલ્યાંકન શું છે?*

મૂલ્યાંકન એ તમારા બાળકને વિકલાંગતા છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં કોઈપણ સંબંધિત ડેટાની સમીક્ષા અને તમારા બાળકના કોઈપણ વ્યક્તિગત પરીક્ષણો, મૂલ્યાંકનો અને અવલોકનો કરવાનો સમાવેશ થાય છે. પ્રારંભિક મૂલ્યાંકન માટે, બાળ અભ્યાસ ટીમના ઓછામાં

*[5]જો તમે તમારા વીમાનો ઉપયોગ કરવા માટે સંમતિ આપતા નથી, તો પણ ડિસ્ટ્રીક્ટે તમને નિ:શુલ્ક સેવા(ઓ) પૂરી પાડવી જરૂરી છે.*

ઓછા બે સભ્યો[6]અને અન્ય નિષ્ણાતો,[7]જરૂરી હોય એ મુજબ અથવા નિર્ધારિત જરૂરિયાત મુજબ, ભાગ લે એ જરૂરી છે. વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટેની પાત્રતા નિર્ધારિત કરવા માટે તમારા બાળકના ઓછામાં ઓછા બે મૂલ્યાંકનો જરૂરી છે. દરેક મૂલ્યાંકન એવી વ્યક્તિ દ્વારા હાથ ધરવામાં આવવું જોઇએ કે જેણે યોગ્ય તાલીમ લીધી હોય, અથવા જે તેના વ્યાવસાયિક લાઇસન્સ અથવા સર્ટિફીકેટ દ્વારા મૂલ્યાંકન હાથ ધરવા માટે લાયક હોય.

## *મૂલ્યાંકન ક્યારે જરૂરી છે?*

જ્યારે તમે, બાળ અભ્યાસ ટીમના સભ્યો અને તમારા બાળકના શિક્ષક મળો અને નક્કી કરો કે તમારા બાળકને વિકલાંગતા હોઈ શકે છે ત્યારે મૂલ્યાંકન જરૂરી છે.

*[6]જ્યારે શંકાસ્પદ વિકલાંગતા એ બોલવાનો વિકાર હોય ત્યારે સ્પીચ-લેંગ્વેજ નિષ્ણાત જરૂરી બાળ અભ્યાસ ટીમના બે સભ્યોમાંથી એક ભાગ લઈ શકે છે.*

*[7]નિષ્ણાતોમાં સ્પીચ-લેંગ્વેજ નિષ્ણાતો, વ્યવસાયિક ચિકિત્સકો, શારીરિક ચિકિત્સકો અને ચિકિત્સકોનો સમાવેશ થાય છે પરંતુ તે તેના સુધી મર્યાદિત નથી.*

***શું સ્કૂલ ડિસ્ટ્રીક્ટ માટે કામ ન કરતી હોય એવી કોઈ વ્યક્તિ દ્વારા તૈયાર કરવામાં આવેલા મારા બાળકના મૂલ્યાંકનો/આકારણીઓનો ઉપયોગ મારા બાળકના પ્રારંભિક મૂલ્યાંકન માટે જરૂરી એવી બે આકારણીઓમાંથી એક તરીકે થઈ શકે છે?***

હા. બાળ અભ્યાસ ટીમો અથવા સંબંધિત સેવાઓ (જેમ કે શારીરિક થેરાપી અથવા સ્પીચ-લેંગ્વેજ સેવાઓ) પૂરી પાડતી વ્યક્તિઓ દ્વારા તૈયાર કરાયેલા અહેવાલો અને આકારણીઓનો ઉપયોગ પ્રારંભિક મૂલ્યાંકન માટે આકારણીઓ તરીકે થઈ શકે છે. આકારણીઓ અને અહેવાલો અન્ય સાર્વજનિક સ્કૂલ ડિસ્ટ્રીક્ટ (અથવા શૈક્ષણિક સેવાઓ અથવા સંયુક્ત કમિશન), ક્લિનિક્સ અથવા શિક્ષણ વિભાગ દ્વારા માન્ય એજન્સીઓ અથવા ખાનગી પ્રેક્ટિસ કરતાં વ્યવસાયિકો માટે કામ કરતી વ્યક્તિઓ તરફથી હોવા જરૂરી છે. ઉપયોગ કરવા માટે અહેવાલ પાછલા વર્ષમાં પૂર્ણ થયેલો હોવો જરૂરી છે અને અહેવાલની સમીક્ષા બાળ અભ્યાસ ટીમના સભ્ય દ્વારા અથવા અહેવાલની સમીક્ષા કરવાની લાયકાત ધરાવતા ડિસ્ટ્રીક્ટના અન્ય વ્યક્તિ દ્વારા થવી જરૂરી છે. જો ડિસ્ટ્રીક્ટ નિર્ધારિત કરે કે અહેવાલ વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે રાજ્યના નિયમનોની જરૂરિયાતો પૂર્ણ કરે છે તો અહેવાલનો ઉપયોગ તમારા બાળકની જરૂરી આકારણીઓમાંથી એક તરીકે થઈ શકે છે.

## સ્વતંત્ર મૂલ્યાંકન

### *સ્વતંત્ર મૂલ્યાંકન શું છે?*

સ્વતંત્ર મૂલ્યાંકન એ લાયકાત ધરાવતી વ્યક્તિ દ્વારા કરવામાં આવતું મૂલ્યાંકન છે કે જેઓ તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટમાં કાર્ય નથી કરતાં. જો તમે તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા પૂર્ણ કરાયેલ મૂલ્યાંકન અથવા પુનઃમૂલ્યાંકન સાથે સંમત ન હોવ તો તમે એક સ્વતંત્ર મૂલ્યાંકનનું કહેવા માટે હકદાર છો. આનો અર્થ એ થાય કે તમે નક્કી કરી શકો છો કે ડિસ્ટ્રીક્ટ દ્વારા મૂલ્યાંકન યોગ્ય રીતે કરવામાં આવ્યું ન હતું અથવા અધૂરું કરવામાં આવ્યું હતું અને તમે એવું મૂલ્યાંકન કરાવવા માંગો છો જે અન્ય વ્યક્તિ દ્વારા કરવામાં આવતું હોય.

જ્યારે તમે તમારા એક સ્વતંત્ર મૂલ્યાંકનની વિનંતી કરો ત્યારે તમે જેટલા ઈચ્છો એટલા (અથવા ઓછા) અલગ મૂલ્યાંકનની વિનંતી કરી શકો છો. ઉદાહરણ તરીકે, તમે નક્કી કરી શકો છો કે તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટે પૂર્ણ કરેલ એક અથવા વધુ મૂલ્યાંકન, જેમ કે તમારા બાળકની શિક્ષણની આકારણી અથવા મનોવૈજ્ઞાનિક આકારણી, ખોટી હતી અને તમે ઈચ્છો છો કે અન્ય વ્યક્તિ નવી આકારણી(ઓ) કરે. અથવા તમે માની શકો છો કે સ્કૂલ ડિસ્ટ્રીક્ટના મૂલ્યાંકનમાં એવી આકારણી(ઓ)નો સમાવેશ હોવો જોઇએ જે સ્કૂલ ડિસ્ટ્રીક્ટે ન કરી હોય, જેમ કે તમારા બાળકની તબીબી અથવા વર્તણુંક સંબંધી આકારણી.

એકવાર સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તેનું મૂલ્યાંકન અથવા પુનઃમૂલ્યાંકન પૂર્ણ કર્યા પછી તમે સ્વતંત્ર મૂલ્યાંકન માટે તમારી વિનંતી કરો ત્યારે તમે વિનંતી કરેલ આકારણી(ઓ) અન્ય વ્યક્તિઓ દ્વારા પૂર્ણ કરવામાં આવશે (સિવાય કે ALJ કહે તેઓ ન હોવા જોઈએ). આકારણી પૂર્ણ થયા પછી જ્યાં સુધી તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા તમારા બાળકનું આગામી પુનઃમૂલ્યાંકન પૂર્ણ ન થાય ત્યાં સુધી તમે તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા ચૂકવણી કરાતા અન્ય સ્વતંત્ર મૂલ્યાંકન માટે કહી શકશો નહીં. તેથી, તમારે સ્વતંત્ર મૂલ્યાંકન માટેની તમારી વિનંતીના ભાગરૂપે જરૂરી માનતા હોય તેવી તમામ આકારણીઓ માટે કહેવાનું સુનિશ્ચિત કરવું જરૂરી છે કારણ કે તમે તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા ચૂકવણી કરાતા માટે સ્વતંત્ર મૂલ્યાંકનની બીજી વિનંતી કરો ત્યાર પહેલાં તમારે પુનઃમૂલ્યાંકનની રાહ જોવી પડશે.

### *સ્વતંત્ર મૂલ્યાંકન માટેની જરૂરિયાતો શું છે?*

સ્વતંત્ર મૂલ્યાંકન તમને કોઈ ખર્ચ વગર પૂરું પાડવામાં આવે છે. તે સાર્વજનિક ખર્ચે છે. યોગ્ય પ્રક્રિયાની

સુનાવણીના ભાગરૂપે જો ALJ સ્વતંત્ર મૂલ્યાંકનની વિનંતી કરે, તો તે પણ સાર્વજનિક ખર્ચે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા કરાવવું જરૂરી છે. સ્વતંત્ર મૂલ્યાંકનો માટે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા હાથ ધરવામાં આવતા મૂલ્યાંકનની જેમ સમાન જરૂરિયાતો પૂર્ણ થવી જરૂરી છે.

## *જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ માને છે કે તેનું મૂલ્યાંકન યોગ્ય છે તો શું થાય છે?*

જ્યારે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ સ્વતંત્ર મૂલ્યાંકનની જરૂરિયાત સાથે અસંમત હોય ત્યારે સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમારી વિનંતી મળ્યાના 20 દિવસની અંદર યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે કહેવું જરૂરી છે. જો ALJ નક્કી કરે છે કે ડિસ્ટ્રીક્ટનું મૂલ્યાંકન યોગ્ય હતું, તો ડિસ્ટ્રીક્ટે સ્વતંત્ર મૂલ્યાંકન માટે ચૂકવણી કરવી પડશે નહીં. સ્વતંત્ર મૂલ્યાંકન તમારા પોતાના ખર્ચે કરાવવાનો તમારો અધિકાર બદલાશે નહીં.

## *મને સ્વતંત્ર મૂલ્યાંકન કરાવવાની મંજૂરી આપવામાં આવે તે પહેલાં શું મારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટે મારા બાળકની એ ક્ષેત્ર(ત્રો)માં આકારણી કરાવવી જોઇએ કે જ્યાં હું સ્વતંત્ર મૂલ્યાંકન માટે કહી રહ્યો છું?*

ના. પ્રારંભિક મૂલ્યાંકન અથવા પુનઃમૂલ્યાંકન દ્વારા પહેલેથી મૂલ્યાંકન ન થયું હોય તેવા ક્ષેત્રમાં પ્રથમ મૂલ્યાંકન કરીને ડિસ્ટ્રીક્ટ સ્વતંત્ર મૂલ્યાંકનના તમારા અધિકારને મર્યાદિત કરી શકતી નથી. તમારી વિનંતિ મળ્યા પછી ડિસ્ટ્રીક્ટે સ્વતંત્ર મૂલ્યાંકન ક્યાં કરાવી શકાય છે તેની માહિતી પૂરી પાડવી જરૂરી છે અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે કહેવું જોઇએ.

## *સ્વતંત્ર મૂલ્યાંકન ક્યાં કરાવી શકાય છે?*

સ્વતંત્ર મૂલ્યાંકન અન્ય સ્કૂલ ડિસ્ટ્રીક્ટ, શૈક્ષણિક સેવા આયોગ, સંયુક્ત કમિશન, માન્ય ક્લિનિક અથવા એજન્સી, અથવા ખાનગી વ્યવસાયી પાસે કરાવી શકાય છે કે જે પ્રમાણિત હોય અને/અથવા જરૂરિયાત મુજબ લાઇસન્સ ધરાવતા હોય. આ સંસાધનો સંબંધિત માહિતી તમારી સ્કૂલ દ્વારા તમને પૂરી પાડવી જરૂરી છે.

## *શું સ્કૂલ ડિસ્ટ્રીક્ટ મૂલ્યાંકનકારોની પસંદગી પર મર્યાદાઓ અથવા નિયંત્રણો મૂકી શકે છે?*

જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તમારી સ્વતંત્ર મૂલ્યાંકન માટેની વિનંતી સાથે સંમત થાય તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટે સ્વતંત્ર મૂલ્યાંકન ક્યાં કરાવી શકાય તેની માહિતી પૂરી પાડવી જરૂરી છે. સ્કૂલ ડિસ્ટ્રીક્ટ અને માતાપિતાને મદદ મળે એ માટે શિક્ષણ વિભાગ માન્ય ક્લિનિક્સ અને એજન્સીઓની યાદી જાળવી રાખે છે. સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તે યાદીમાંથી ભૌગોલિક વિસ્તારની અંદર ઘણા બધા ક્લિનિક્સ અથવા એજન્સીઓ સૂચવી શકે છે. માતાપિતાઓ વાજબી સમયમર્યાદામાં અને ડિસ્ટ્રીક્ટ દ્વારા નિર્ધારિત કરાયેલ દરે સૂચવવામાં આવેલી યાદીમાંથી વિનંતી કરેલ મૂલ્યાંકન કરાવવા માટે સક્ષમ હોવા જરૂરી છે.

જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા સૂચવવામાં આવેલામાંથી કોઈ પ્રદાતા પસંદ કરવા માટે તમે સંમત ન હોવ તો ડિસ્ટ્રીક્ટે અલગ પ્રદાતા માટેની તમારી વિનંતીને ધ્યાનમાં લેવી જરૂરી છે. ઉપરાંત, સ્કૂલ ડિસ્ટ્રીક્ટે મૂલ્યાંકનકાર માટેની તમારી વિનંતીને ધ્યાનમાં લેવી જરૂરી છે જેનો ખર્ચ સ્કૂલ ડિસ્ટ્રીક્ટ સામાન્ય રીતે જે સમાન મૂલ્યાંકન માટે ચૂકવે છે તેના કરતાં વધુ છે. જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તમારી વિનંતી સાથે અસંમત હોય તો તેણે તમારી વિનંતીનો ઇનકાર કરવા માટે યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરવી જરૂરી છે.

આવી વિચારણા અને વિનંતીનો ઇનકાર કરવા માટે યોગ્ય પ્રક્રિયાની સુનાવણીને મંજૂરી આપવાનો અથવા વિનંતી કરવાનો ડિસ્ટ્રીક્ટનો નિર્ણય સ્વતંત્ર મૂલ્યાંકન માટેની વિનંતી મળ્યાના 20 દિવસની અંદર થવો જરૂરી છે.

### શું એવા કોઈ સંજોગો છે કે જે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કર્યા વગર સ્વતંત્ર મૂલ્યાંકનની વિનંતીનો ઇનકાર કરવાની અનુમતિ આપે?

હા. જો મૂલ્યાંકનકાર પાસે ન્યૂ જર્સીનું સર્ટિફીકેટ અને/અથવા લાઇસન્સ ન હોય કે જ્યાં સર્ટિફીકેટ અને/અથવા લાઇસન્સ જરૂરી હોય, તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કર્યા વગર મૂલ્યાંકનકારની માતાપિતાની પસંદગીનો ઇનકાર કરી શકે છે. ઉપરાંત, માતાપિતા દરેક પ્રારંભિક મૂલ્યાંકન અથવા પુનઃમૂલ્યાંકન માટે એક સ્વતંત્ર મૂલ્યાંકન (જેમાં એકથી વધુ મૂલ્યાંકનનો સમાવેશ હોઈ શકે છે) માટે હકદાર છે. આમ, સ્વતંત્ર મૂલ્યાંકન કરવામાં આવ્યા પછી અથવા ALJ એ નિર્ણય કર્યો હોય કે સ્વતંત્ર મૂલ્યાંકન કરવામાં આવશે નહીં, તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કર્યા વગર સ્વતંત્ર મૂલ્યાંકન માટેની આગામી વિનંતીઓનો ઇનકાર કરી શકે છે. જ્યારે ડિસ્ટ્રીક્ટ અન્ય પુનઃમૂલ્યાંકન કરે છે ત્યારે માતાપિતા સ્વતંત્ર મૂલ્યાંકનની માંગ કરી શકે છે જો તે અથવા તેણી તે પુનઃમૂલ્યાંકન સાથે અસંમત હોય.

### જ્યારે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને સ્વતંત્ર મૂલ્યાંકન પ્રાપ્ત થાય ત્યારે તેણે શું કરવાની જરૂર છે?

સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમારા બાળકના વિશેષ શિક્ષણના કાર્યક્રમ અંગે નિર્ણયો લેતી વખતે કોઈપણ સ્વતંત્ર મૂલ્યાંકનને ધ્યાનમાં લેવું જરૂરી છે, જેમાં તમે ચૂકવણી કરો છો તેનો સમાવેશ થાય છે. જોકે, સ્કૂલ ડિસ્ટ્રીક્ટે મૂલ્યાંકનનો અહેવાલ સ્વીકારવાની અથવા તમારા બાળકના IEP માં તેની કોઈપણ ભલામણોનો સમાવેશ કરવો જરૂરી નથી. સ્વતંત્ર મૂલ્યાંકન યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં પુરાવા તરીકે રજૂ કરી શકાય છે.

## પાત્રતા

### પાત્રતા કેવી રીતે નિર્ધારિત થાય છે?

જ્યારે મૂલ્યાંકન પૂર્ણ થાય છે ત્યારે પાત્રતા *N.J.A.C.* 6A:14-2.3(k)1 અનુસાર મીટીંગમાં સંયુક્ત રીતે નિર્ધારિત કરવામાં આવે છે.[8] વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે પાત્ર બનવા માટે:

- વિદ્યાર્થીને પાત્રતાની શ્રેણીઓમાંથી કોઈ એક અનુસાર વિકલાંગતા હોવી જરૂરી છે;
- વિકલાંગતા વિદ્યાર્થીની શૈક્ષણિક કામગીરી પર પ્રતિકૂળ અસર કરતી હોવી જોઇએ; અને
- વિદ્યાર્થીને વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જરૂર હોવી જોઇએ.

સ્કૂલ ડિસ્ટ્રીક્ટે મૂલ્યાંકન અહેવાલ(લો) અને દસ્તાવેજોની નકલ કે જેનો ઉપયોગ પાત્રતા નક્કી કરવા માટે થાય છે તે માતાપિતા (અથવા પુખ્ત વયના વિદ્યાર્થી, જ્યારે લાગુ પડતું હોય ત્યારે)ને મીટીંગના ઓછામાં ઓછા 10 દિવસ પહેલાં પૂરી પાડવી જરૂરી છે.

## વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP)

### વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ શું છે?

તમારું બાળક વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે પાત્ર હોવાનું નિર્ધારિત થયા પછી તમારા બાળકનો IEP

*[8] ભાષા અને/અથવા બોલવાનો વિકાર ધરાવતા વિદ્યાર્થીઓ ફક્ત N.J.A.C. 6A:14-3.6 માં વર્ણવ્યા મુજબ જ સ્પીચ-લેંગ્વેજ સેવાઓ માટે પાત્ર હોઈ શકે છે.*

વિકસાવવા માટે મીટીંગ કરવામાં આવશે. IEP એ એવી લેખિત યોજના છે જે તમારા બાળકના વિશેષ શિક્ષણ કાર્યક્રમનું વિગતવાર વર્ણન કરે છે. IEP તમારું બાળક હાલમાં કેવી કામગીરી કરે છે અને તમારા બાળકની ચોક્કસ સૂચનાત્મક જરૂરિયાતો કઈ છે તેનું વર્ણન કરતો હોવો જોઇએ. IEP માં વિગતવાર અને માપી શકાય તેવા વાર્ષિક ધ્યેયો અને ટૂંકા ગાળાના ઉદ્દેશો અથવા માપદંડોનો સમાવેશ હોવો જોઇએ.

## *IEP મીટીંગમાં કોણ હાજર રહેવું જોઇએ?*

પૃષ્ઠ 2 પરની પ્રક્રિયા અનુસાર તમારી સંમતિથી તેમને મીટીંગમાં હાજર રહેવામાંથી છૂટ આપવામાં આવી હોય એ સિવાય, નીચેની વ્યક્તિઓએ IEP મીટીગમાં હાજર રહેવું જરૂરી છે:

- વિદ્યાર્થી, જો યોગ્ય હોય તો[9];
- માતાપિતા;
- સામાન્ય શિક્ષણના એકથી ઓછા શિક્ષક નહીં (યોગ્ય હદ સુધી), જો વિદ્યાર્થી નિયમિત શિક્ષણમાં ભાગ લેતો હોય અથવા ભાગ લેશે;
- સામાન્ય શિક્ષણના એકથી ઓછા શિક્ષક નહીં (અથવા જ્યાં યોગ્ય હોય ત્યાં વિશેષ શિક્ષણના પ્રદાતા);
- બાળ અભ્યાસ ટીમના ઓછામાં ઓછા એક સભ્ય;
- કેસ મેનેજર;
- સ્કૂલ ડિસ્ટ્રીક્ટના પ્રતિનિધિ;
- અન્ય લોકો, માતાપિતા અથવા સ્કૂલ ડિસ્ટ્રીક્ટની મુનસફી મુજબ; અને
- જો IEP મીટીંગમાં પરિવર્તનની ચર્ચા કરવામાં આવશે, તો સેવાઓ પૂરી પાડવા અથવા તેની ચૂકવણી કરવાની સંભાવના ધરાવતી અન્ય કોઈપણ એજન્સીના પ્રતિનિધિ; અને
- માતાપિતાની વિનંતી પર, પ્રારંભિક હસ્તક્ષેપ કાર્યક્રમમાંથી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા ઑફર કરવામાં આવતા ભાગ B વિશેષ શિક્ષણ કાર્યક્રમમાં પરિવર્તિત થઈ રહેલા વિદ્યાર્થી માટે ભાગ C સેવા સંયોજક.

**તમને નીચેના અધિકાર છે:**

- તમારા બાળકના IEP ની નકલો મેળવવાનો;
- તમારી સાથે મીટીંગમાં અન્ય લોકોને લાવવાનો;
- IEP મીટીંગને ટેપ રેકોર્ડ કરવાનો, જો તમે મીટીંગ શરૂ થાય તે પહેલાં અન્ય વ્યક્તિઓને મૌખિક રીતે અથવા લેખિતમાં જાણ કરો છો કે તમે મીટીંગ રેકોર્ડ કરવા માંગો છો;
- પ્રથમ મૂલ્યાંકન માટે સ્કૂલને તમારી સંમતિ મળ્યાના 90 દિવસની અંદર IEP નો અમલ કરાવવાનો;
- IEP મીટીંગ પછી શક્ય તેટલી વહેલી તકે IEP નો અમલ કરાવવાનો;
- IEP ની ઓછામાં ઓછી વાર્ષિક સમીક્ષા કરાવવાનો; અને
- IEP ટીમ દ્વારા ધ્યાનમાં લેવામાં આવતી સ્કૂલ વર્ષની સેવાઓમાં વધારો કરાવવાનો.

*[9] 14 વર્ષની ઉંમરથી શરૂ કરીને, વિદ્યાર્થીને પુખ્ત વયના જીવનમાં પરિવર્તનના આયોજનમાં ભાગ લેવા માટે જરૂરી IEP મીટીંગમાં હાજર રહેવા માટે આમંત્રિત કરવા જરૂરી છે.*

## પુખ્ત વયના જીવનમાં પરિવર્તન

### *પરિવર્તનનું આયોજન શું છે?*

પરિવર્તનનું આયોજન એ ઔપચારિક, લાંબા ગાળાની સહયોગી પ્રક્રિયા છે જે તમારા બાળકને સ્કૂલમાંથી પુખ્ત વયની દુનિયામાં સફળતાપૂર્વક લઈ જવામાં મદદ કરશે. ન્યૂ જર્સીના નિયમનો અનુસાર એ જરૂરી છે કે પરિવર્તનના આયોજનની શરૂઆતનો સમાવેશ IEP માં કરવામાં આવે કે જે એ સ્કૂલ વર્ષ માટે લાગુ હશે જેમાં તમારું બાળક 14 વર્ષ સુધી પહોંચે છે, અથવા જો IEP ટીમ દ્વારા યોગ્ય નિર્ધારિત કરવામાં આવે તો તેનાથી ઓછી ઉંમર. તમારું બાળક ગ્રેજ્યુએટ થાય અથવા હાઇસ્કૂલમાંથી બહાર નીકળે ત્યાં સુધી દર વર્ષે IEP માં પરિવર્તનના આયોજનનો સમાવેશ ચાલુ રહે છે.

### *પરિવર્તનના આયોજનમાં કોણ સામેલ છે?*

પરિવર્તનના આયોજનમાં સામાન્ય રીતે IEP ટીમ, પરિવારના અન્ય સભ્યો, સ્કૂલનો સ્ટાફ, અન્ય એજન્સીઓનો સ્ટાફ, નિયોક્તાઓ અને અન્ય સમુદાયના સભ્યોનો સમાવેશ થાય છે. જ્યારે પણ પરિવર્તનના આયોજનનો IEP માં સમાવેશ કરવામાં આવશે ત્યારે વિદ્યાર્થીને IEP મીટીંગમાં હાજર રહેવા માટે અને IEP ટીમના અભિન્ન સભ્ય બનવા માટે તેને આમંત્રિત કરવા **જરૂરી** છે.

### *પરિવર્તનના આયોજનના ઘટકો કયા છે?*

14 વર્ષના થતા અને તેથી વધુ ઉંમરના બાળકો માટે IEP માં પરિવર્તનના આયોજનના મુખ્ય ઘટકો નીચે મુજબ છે:

- બાળકની શક્તિઓ, રુચિઓ અને પસંદગીઓનું નિવેદન
- અભ્યાસના કોર્સની ઓળખ (IEP અને તેથી આગળના સમયગાળા માટેના કોર્સના શીર્ષકો)
- વ્યૂહરચનાઓ અને/અથવા પ્રવૃત્તિઓની ઓળખ કે જેનો હેતુ બાળકને પોસ્ટસેકન્ડરી ધ્યેયો વિકસાવવામાં અથવા મેળવવામાં મદદ કરવાનો છે
- અન્ય એજન્સીઓ (જેમ કે ડિવીઝન ઑફ વોકેશનલ રિહેબિલિટેશન સર્વિસીઝ, ચિલ્ડ્રન્સ સિસ્ટમ ઑફ કેર, ડિવીઝન ઑફ ડેવલપમેન્ટલ ડિસેબિલિટીઝ વગેરે) પાસેથી પરામર્શ (માહિતી અને/અથવા સલાહ)ની જરૂરિયાતનું વર્ણન
- કોઈપણ જરૂરી આંતર-એજન્સી જોડાણો અને જવાબદારીઓનું નિવેદન

16 વર્ષના થતા અને તેથી વધુ ઉંમરના બાળકો માટે IEP માં પરિવર્તનના આયોજનના ભાગરૂપે વધારાના મુખ્ય ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે:

- તાલીમ, શિક્ષણ, રોજગાર અને જો યોગ્ય હોય તો સ્વતંત્ર જીવન સાથે સંબંધિત વય-યોગ્ય પરિવર્તનની આકારણીઓ પર આધારિત બાળકના પોસ્ટસેકન્ડરી લક્ષ્યો
- તે પોસ્ટસેકન્ડરી ધ્યેયો સુધી પહોંચવામાં બાળકને મદદ કરવા માટે જરૂરી પરિવર્તનની સેવાઓ (પ્રવૃત્તિઓ/વ્યૂહરચનાઓનો એક સંકલિત સમૂહ જેમાં સૂચના, સંબંધિત સેવાઓ, સમુદાયના અનુભવો, રોજગારનો વિકાસ અને સ્કૂલ પછીના અન્ય પુખ્ત વયના જીવનના ઉદ્દેશોનો અને જ્યારે યોગ્ય હોય ત્યારે દૈનિક જીવનના કૌશલ્યોની પ્રાપ્તિ અને કાર્યાત્મક વ્યાવસાયિક મૂલ્યાંકનનો સમાવેશ થાય છે)

પરિવર્તનના આયોજન અંગે વધારાની માહિતી માટે આ દસ્તાવેજનો સંસાધન વિભાગ જુઓ.

## પુનઃમૂલ્યાંકન

### મારા બાળકનું કેટલી વાર પુનઃમૂલ્યાંકન કરવું જરૂરી છે?

તમારા બાળકનું તેના અથવા તેણીના છેલ્લા મૂલ્યાંકનના ત્રણ વર્ષની અંદર પુનઃમૂલ્યાંકન કરવું જરૂરી છે સિવાય કે તમે ત્રણ વર્ષના પુનઃમૂલ્યાંકનને છોડી દેવાની સંમતિ આપો. જો તમે ત્રણ વર્ષના પુનઃમૂલ્યાંકનને છોડી દેવાની સંમતિ આપો છો તો પુનઃમૂલ્યાંકન માટેનો આગામી ત્રણ વર્ષનો સમયગાળો એ તારીખથી શરૂ થાય છે કે જ્યારે તમે પુનઃમૂલ્યાંકનને છોડી દેવાની તમારી લેખિત સંમતિ આપો છો. જો સ્થિતિ તેની ખાતરી આપે અથવા જો તમે અથવા તમારા બાળકના શિક્ષક તેની વિનંતી કરે તો ત્રણ વર્ષ કરતાં વહેલું પુનઃમૂલ્યાંકન હાથ ધરવામાં આવી શકે છે. જોકે, તમારા બાળકનું છેલ્લું મૂલ્યાંકન પૂર્ણ થયાની તારીખના એક વર્ષની અંદર કરવામાં આવતી પુનઃમૂલ્યાંકન માટેની તમારી વિનંતીનો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ ઇનકાર કરી શકે છે. વધુમાં, તમારું બાળક હવે વિકલાંગતા ધરાવતું બાળક નથી અને વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે પાત્ર નથી એવું નિર્ધારિત કરી શકાય એ પહેલાં સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમારા બાળકનું પુનઃમૂલ્યાંકન કરવું જરૂરી છે.

### પુનઃમૂલ્યાંકન માટેની જરૂરિયાતો શું છે?

IEP ટીમે વર્તમાન ડેટાની સમીક્ષા કરવા અને એ નિર્ણય કરવા માટે મળવું જોઇએ કે શું વધારાના પરીક્ષણની જરૂર છે જેથી તમારા બાળકની વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટેની પાત્રતા ચાલુ રાખવી જોઇએ કે કેમ તે નિર્ધારિત કરી શકાય. IEP ટીમ નિર્ણય કરી શકે છે કે વિશેષ શિક્ષણ માટે તમારા બાળકની પાત્રતા ચાલુ રાખવાનું નિર્ધારિત કરવા માટે કોઈ વધારાની માહિતીની જરૂર નથી. ટીમના એક સભ્ય તરીકે તમે નિર્ણય સાથે અસંમત થઈ શકો છો અને તમે વિનંતી કરી શકો છો કે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તમારા બાળકની આકારણી કરે. ત્યારપછી સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમારા બાળકની પાત્રતા (અથવા અપાત્રતા) નિર્ધારિત કરવા માટે મૂલ્યાંકન કરવું જરૂરી છે.

### શું પુનઃમૂલ્યાંકનના ભાગરૂપે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને પરીક્ષણ કરવા માટે મારી સંમતિની જરૂર છે?

સ્કૂલે તમારા બાળકના પુનઃમૂલ્યાંકનના ભાગરૂપે કોઈપણ પરીક્ષણ હાથ ધરતા પહેલા તમારી સંમતિ મેળવવી જરૂરી છે. જોકે, જો સ્કૂલ દર્શાવી શકે કે તેણે તમારા બાળકના પુનઃમૂલ્યાંકન માટે તમારી સંમતિ મેળવવાનો પ્રયાસ કર્યો હતો અને તમે પ્રતિસાદ આપ્યો ન હતો, તો સ્કૂલ આયોજન મુજબ પરીક્ષણ માટે આગળ વધી શકે છે.

## પુખ્તતાની ઉંમરે પહોંચવા પર અધિકારોનું ટ્રાન્સફર

### જ્યારે મારું બાળક 18 વર્ષની ઉંમરે પહોંચે ત્યારે મારી પાસે કયા અધિકારો છે?

જ્યારે તમારું બાળક 18 વર્ષની ઉંમરે પહોંચે, ત્યારે વિશેષ શિક્ષણના કાયદા હેઠળના તમામ અધિકારો તમારા બાળકને ટ્રાન્સફર કરવામાં આવશે સિવાય કે કોર્ટે તમારા બાળક માટે કાનૂની વાલી નિયુક્ત કર્યા હોય. તમે અને તમારા પુખ્ત વયના વિદ્યાર્થી, બન્નેને આ માતાપિતાના અધિકારોમાં સમાવિષ્ટ તમામ જરૂરી નોટીસો પ્રાપ્ત થશે. તમારું બાળક 18 વર્ષનું થાય તેના ઓછામાં ઓછા ત્રણ વર્ષ પહેલાં, સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમને અને તમારા બાળક બન્નેને આ અધિકારોના ટ્રાન્સફર વિશે જાણ કરવી જરૂરી છે.

## એડલ્ટ આઉટ-ઑફ-સ્ટેટ પ્લેસમેન્ટ

### જ્યારે રાજ્યની બહારના પ્લેસમેન્ટમાં હાજરી આપતા વિદ્યાર્થીઓ 21 વર્ષના

### *થાય ત્યારે માતાપિતાએ શું ધ્યાનમાં લેવું જોઇએ?*

રાજ્યની બહાર પ્લેસમેન્ટની શક્યતા અંગે ચર્ચા કરતી વખતે માતાપિતાએ ધ્યાનમાં રાખવું જોઇએ કે વિકાસલક્ષી વિકલાંગતા ધરાવતા કોઈપણ વિદ્યાર્થી કે જેને 11 જાન્યૂઆરી, 2016 પછી રાજ્યની બહારની શૈક્ષણિક સુવિધામાં મૂકવામાં આવ્યો હોય તે વિદ્યાર્થી એકવીસ (21) વર્ષની ઉંમરે પહોંચી જાય તે પછી ન્યૂ જર્સી ડિવીઝન ઑફ ડેવલપમેન્ટલ ડિસેબિલિટીઝ તરફથી રાજ્ય બહારની સેવાઓ માટે કોઈ ભંડોળ મેળવી શકશે નહીં.

## ગોપનીયતા અને શૈક્ષણિક રેકોર્ડ્સની ઍક્સેસ[10]

### *શું હું મારા બાળકના શૈક્ષણિક રેકોર્ડ્સ જોઈ શકું છું?*

સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમારા બાળકના શૈક્ષણિક રેકોર્ડમાં માહિતીની ગોપનીયતા જાળવવી જરૂરી છે. જોકે, તમારા બાળકનો શૈક્ષણિક રેકોર્ડ જાળવતી પબ્લીક સ્કૂલે એ માનવું જરૂરી છે કે તમે તમારા બાળકના રેકોર્ડની તપાસ/સમીક્ષા કરવાનો અધિકાર ધરાવો છો સિવાય કે સ્કૂલને કાયદેસર રીતે લેખિતમાં સૂચિત કરવામાં આવ્યું હોય કે તમારા અધિકારો રાજ્યના કાયદા હેઠળ સમાપ્ત કરવામાં આવ્યા છે, જેમ કે વાલીપણા અથવા છૂટાછેડા દ્વારા.

**તમને નીચેના અધિકાર છે:**

- તમારા બાળક સાથે સંબંધિત તમામ પ્રકારના રેકોર્ડ્સ અને રેકોર્ડ ક્યાં રાખવામાં આવ્યા છે તેની યાદી જોવાનું કહેવાનો;
- તમારા બાળકના કોઈપણ શૈક્ષણિક રેકોર્ડને જોવાનો કે જે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા રાખવામાં આવે છે અથવા ઉપયોગમાં લેવાય છે:
  - બિનજરૂરી વિલંબ કર્યા વિના;
  - કોઈપણ IEP મીટીંગ અથવા સુનાવણી પહેલાં; અને
  - રેકોર્ડ જોવાનું કહ્યા પછી 10 દિવસની અંદર.
    (જો શક્ય હોય તો આ વિનંતી લેખિતમાં હોવી જોઇએ.)
- રેકોર્ડની સમજૂતી અને અર્થઘટન માટે પૂછવાનો;
- રેકોર્ડની નકલો મેળવવાનો. જો તે ફી તમને રેકોર્ડની સમીક્ષા કરવાથી રોકતી ન હોય તો સ્કૂલ નકલ માટે વાજબી ફી લઈ શકે છે. સ્કૂલ રેકોર્ડ શોધવા અથવા પુનઃપ્રાપ્ત કરવા માટે ફી લઈ કરી શકશે નહીં;
- તમારા બાળકના રેકોર્ડમાંની માહિતીનો નાશ કરવામાં આવે તે પહેલાં તમને સૂચિત કરવાનો; અને
- તમારા બાળકના રેકોર્ડને જોવાનો શૈક્ષણિક અથવા કાનૂની હેતુ ન ધરાવતી કોઈપણ વ્યક્તિ સાથે તેને શેર કરવાની સંમતિ આપવાનો અથવા સંમતિ આપવાનો ઇનકાર કરવાનો.

સ્કૂલે તમારા બાળકના રેકોર્ડની ઍક્સેસ મેળવનારા લોકોનો રેકોર્ડ રાખવો જરૂરી છે, જેમાં નામ, તારીખ અને ઍક્સેસ માટેના હેતુઓનો સમાવેશ થાય છે. જો તમે પૂછો, તો તમને એ જાણવાનો અધિકાર છે કે તમારા બાળકના રેકોર્ડમાંથી માહિતી કોને આપવામાં આવી છે, તે કઈ તારીખે આપવામાં આવી હતી અને તેનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો હતો.

*[10]વિદ્યાર્થીઓના રેકોર્ડ માટેના નિયમનો N.J.A.C. 6A:32 માં જોવા મળે છે. જ્યારે તમે માંગો ત્યારે સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમને આ નિયમનોની નકલ આપવાની જરૂર છે.*

તમારા બાળક વિશેની કોઈપણ વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી કોઈપણ વ્યક્તિને કે જે અન્યથા કાયદા દ્વારા તેની ઍક્સેસ મેળવવા માટે હકદાર નથી તેને જાહેર કરવામાં આવે તે પહેલાં સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમારી લેખિત સંમતિ મેળવવી જરૂરી છે (જુઓ પૃષ્ઠ 5).

જો તમે સ્કૂલને લેખિત સંમતિ આપો છો તો તમે અન્ય કોઈને તમારા વતી રેકોર્ડ્સ મેળવવાનું અને/અથવા તેની સમીક્ષા કરવાનું કહી શકો છો. જો રેકોર્ડમાં એક કરતાં વધુ બાળકોની માહિતી હોય તો તમે ફક્ત તમારા બાળક વિશેની માહિતી જ જોઈ શકો છો.

## શું મારું બાળક જ્યારે પુખ્ત વિદ્યાર્થી બને ત્યારે મને તેના/તેણીના રેકોર્ડની સમીક્ષા કરવાનો અધિકાર છે?

જ્યાં સુધી તમારું બાળક 18 વર્ષનું ન થાય ત્યાં સુધી તમારી પાસે સ્કૂલ દ્વારા જાળવવામાં આવતા તમામ શૈક્ષણિક રેકોર્ડ્સની ઍક્સેસ હશે. પુખ્તતાની ઉંમરે પહોંચ્યા પછી અધિકારોના ટ્રાન્સફર બાદ જો તમારું બાળક હજુ પણ આર્થિક રીતે તમારા પર નિર્ભર હોય અને હજુ પણ સાર્વજનિક સ્કૂલ સિસ્ટમમાં નોંધાયેલ હોય, અથવા જો તમારી પાસે ઍક્સેસ માટે તમારા પુખ્ત બાળકની સંમતિ હોય ફક્ત તો જ તમને તમારા બાળકના શૈક્ષણિક રેકોર્ડ્સની ઍક્સેસનો અધિકાર છે.

## હું મારા બાળકના રેકોર્ડમાં ફેરફાર કેવી રીતે કરાવી શકું છું?

તમે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને તમારા બાળકના શૈક્ષણિક રેકોર્ડમાં ફેરફાર કરવાનું કહી શકો છો, જો તમે માનતા હોવ કે રેકોર્ડ:

- અસંગત છે;
- ખોટા છે;
- તમારા બાળકની ગોપનીયતા અથવા અન્ય અધિકારોનું રક્ષણ કરતા નથી; અથવા
- અન્યથા અયોગ્ય છે.

જો તમે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને તમારા બાળકનો રેકોર્ડમાં ફેરફાર કરવાનું કહો છો તો તમે તમારી વિનંતી અંગે નિર્ણય લેવાનો અધિકાર ધરાવો છો. સ્કૂલ ડિસ્ટ્રીક્ટ ફેરફાર કરવાનું નક્કી કરી શકે છે અને તમને ફેરફારની જાણ લેખિતમાં કરી શકે છે; અન્યથા, ફેરફાર કરવામાં આવશે કે કેમ તે નિર્ધારિત કરવા માટે સ્કૂલ ડિસ્ટ્રીક્ટે 10 દિવસની અંદર તમને મળવું જરૂરી છે.

જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ ફેરફાર કરશે નહીં તો તેણે *N.J.A.C.* 6A:3 અનુસાર શિક્ષણ કમિશ્નર પાસેથી સુનાવણીની વિનંતી કરીને તમને ઇનકાર અને અપીલ કરવાના તમારા અધિકાર વિશે જાણ કરવી જરૂરી છે.

જો કમિશ્નર સુનાવણી પછી નિર્ણય લે કે રેકોર્ડમાં ફેરફારની કરવાની જરૂર નથી તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમારા બાળકના રેકોર્ડમાં નિવેદન ઉમેરવાના તમારો અધિકાર, જેમાં એ કારણ જણાવવું કે તમે સ્કૂલના રેકોર્ડ્સ સાથે સંમત નથી, તેની તમને લેખિતમાં જાણ કરવી જરૂરી છે. જ્યાં સુધી સંબંધિત રેકોર્ડ જાળવવામાં આવે ત્યાં સુધી આ નિવેદન તમારા બાળકના રેકોર્ડમાં જાળવવું જરૂરી છે અને જ્યારે પણ સંબંધિત રેકોર્ડ જાહેર કરવામાં આવે ત્યારે નિવેદન જાહેર કરવું જરૂરી છે.[11]

# સરોગેટ પેરેન્ટ

*[11] વિદ્યાર્થી રેકોર્ડ સંહિતા N.J.A.C. 6A:32-7.4(e) મુજબ ફરજિયાત વિદ્યાર્થી રેકોર્ડ્સ, સ્નાતક થયા પછી પાંચ વર્ષ સુધી, સ્કૂલ ડિસ્ટ્રીક્ટ છોડ્યા પછી અથવા 23 વર્ષની ઉંમર સુધી, જે પણ વધુ હોય ત્યાં સુધી જાળવવામાં આવશે.*

## *સરોગેટ માતાપિતા ક્યારે નિયુક્ત કરવામાં આવે છે અને સરોગેટ માતાપિતાની ભૂમિકા શું છે?*

જ્યારે વિદ્યાર્થીના માતાપિતાની ઓળખ કરી શકાતી નથી અથવા વાજબી પ્રયાસો પછી માતાપિતા શોધી શકાતા નથી, જ્યારે રાજ્યની કોઈ એજન્સી પાસે વિદ્યાર્થીનું વાલીપણું હોય, જ્યારે વિદ્યાર્થી રાજ્યનો વોર્ડ (રાજ્યના રક્ષણ હેઠળ) હોય, અથવા જ્યારે વિદ્યાર્થી ફેડરલ કાયદામાં વ્યાખ્યાયિત કર્યા મુજબ એકલો બેઘર યુવક હોય ત્યારે વિદ્યાર્થી માટે સરોગેટ માતાપિતા નિયુક્ત કરવા જરૂરી છે. સરોગેટ માતાપિતા ઓળખ, મૂલ્યાંકન, IEP ના વિકાસ, વિદ્યાર્થીનું પ્લેસમેન્ટ અને વિદ્યાર્થીને નિ:શુલ્ક, યોગ્ય જાહેર શિક્ષણ (FAPE) ની જોગવાઈ સંબંધિત તમામ બાબતોમાં વિદ્યાર્થીનું પ્રતિનિધિત્વ કરે છે.

બાળકને સરોગેટ માતાપિતાની જરૂર છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે અને જ્યારે જરૂરી હોય ત્યારે બાળકને સરોગેટ માતાપિતા ફાળવવા માટે જવાબદાર સ્કૂલ ડિસ્ટ્રીક્ટમાં એક પદ્ધતિ હોવી જરૂરી છે. વધુમાં, સ્કૂલ ડિસ્ટ્રીક્ટે વિદ્યાર્થી માટે સરોગેટ માતાપિતાની જરૂર છે તે નિર્ધારિત કર્યાના 30 દિવસની અંદર સરોગેટ માતાપિતા નિયુક્ત કરવા માટે વાજબી પ્રયાસો કરવા જરૂરી છે. જવાબદાર સ્કૂલ ડિસ્ટ્રીક્ટે એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે દરેક સરોગેટ માતાપિતા નીચેના માપદંડોને પૂર્ણ કરે છે:

- એ વ્યક્તિનું એવું કોઈ હિત તે વિદ્યાર્થીના હિત સાથે સંઘર્ષ કરતું ન હોવું જોઇએ કે જેનું તે અથવા તેણી પ્રતિનિધિત્વ કરે છે;
- એ વ્યક્તિ પાસે જાણકારી અને કુશળતા હોવી જરૂરી છે જે વિદ્યાર્થીનું પર્યાપ્ત પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરે;
- એ વ્યક્તિ ઓછામાં ઓછી 18 વર્ષની હોવી જોઇએ; અને
- એ વ્યક્તિ સ્કૂલ ડિસ્ટ્રીક્ટ, ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ ઍજ્યુકેશન અથવા બાળકના શિક્ષણ અથવા સંભાળ સાથે સંકળાયેલી અન્ય કોઈપણ એજન્સીના કર્મચારી હોઈ શકતા નથી. (જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ સરોગેટ માતાપિતાને એકમાત્ર તે ક્ષમતામાં સેવા આપવા બદલ વળતર આપે છે તો તે વ્યક્તિને સ્કૂલ ડિસ્ટ્રીક્ટનો કર્મચારી ગણવામાં આવતા નથી.)

છેવટે, સ્કૂલ ડિસ્ટ્રીક્ટ કારણ વિના સરોગેટ માતાપિતાને બદલી શકશે નહીં અને, જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ સરોગેટ માતાપિતા તરીકે સેવા આપવા બદલ સરોગેટ માતાપિતાને વળતર આપે છે, તો વ્યક્તિએ *N.J.S.A.* 18A:6-7.1 અનુસાર ગુનાહિત ઇતિહાસની તપાસ કરાવવી જરૂરી છે.

## તમારા બાળકને બિન-સાર્વજનિક (ખાનગી) સ્કૂલમાં મૂકવું – અસંમતિને કારણે

### *જો હું સ્કૂલ ડિસ્ટ્રીક્ટના કાર્યક્રમ સાથે અસંમત હોઉં અને હું મારા બાળકને બિન-સાર્વજનિક (ખાનગી) સ્કૂલમાં મૂકું, તો તેનો ખર્ચ ચૂકવવા માટે કોણ જવાબદાર છે?*

તમારા બાળકને નિ:શુલ્ક, યોગ્ય જાહેર શિક્ષણનો અધિકાર છે. જો તમારું બાળક સાર્વજનિક સ્કૂલમાં નોંધાયેલ છે અને તમે સ્કૂલ ડિસ્ટ્રીક્ટના વિશેષ શિક્ષણના કાર્યક્રમ સાથે અસંમત છો, તો તમે તમારા બાળકને ખાનગી અથવા બિન-સાર્વજનિક સ્કૂલમાં અથવા ખાનગી પ્રારંભિક બાળપણ કાર્યક્રમમાં મૂકવાનું પસંદ કરી શકો છો જે તમને લાગતું હોય કે તમારા બાળકની વિશેષ શિક્ષણની જરૂરિયાતો પૂર્ણ કરે છે. તમે ખર્ચ માટે જવાબદાર છો, સિવાય કે યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં એ સાબિત થઈ શકે કે ડિસ્ટ્રીક્ટ તમારા બાળકને નિ:શુલ્ક, યોગ્ય જાહેર શિક્ષણ આપવામાં નિષ્ફળ ગયું છે અને તમે પસંદ કરેલી સ્કૂલ તમારા બાળકની શૈક્ષણિક જરૂરિયાતો પૂરી કરવા માટે યોગ્ય છે.

### *જો હું સ્કૂલ ડિસ્ટ્રીક્ટને બિન-સાર્વજનિક (ખાનગી) સ્કૂલના ખર્ચ માટે મને વળતર આપવાનું કહેવાનું આયોજન કરું તો મારે શું કરવું જરૂરી છે?*

જો તમારા બાળક પાસે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા વિકસાવવામાં આવેલ IEP હોય તો તમે તમારા બાળકને બિન-સાર્વજનિક (ખાનગી) સ્કૂલમાં મૂકી શકો છો અને ડિસ્ટ્રીક્ટ પાસેથી વળતર માંગી શકો છો. તમારે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને IEP મીટીંગમાં જાણ કરવી જરૂરી છે અને તમારા બાળકની બિન-સાર્વજનિક (ખાનગી) સ્કૂલમાં નોંધણીના ઓછામાં ઓછા 10 દિવસ (સપ્તાહના અંતને છોડીને) પહેલા સ્કૂલ ડિસ્ટ્રીક્ટને લેખિત નોટીસ આપવી જરૂરી છે. તમારે સ્કૂલ ડિસ્ટ્રીક્ટના IEP, સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા પ્રસ્તાવિત પ્લેસમેન્ટ અને તમારા બાળકને બિન-સાર્વજનિક (ખાનગી) સ્કૂલમાં દાખલ કરવાના તમારા ઇરાદા સાથે તમારી અસંમતિ જણાવવી જરૂરી છે.

જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમને તમારા બાળકનું મૂલ્યાંકન કરવાના તેના ઇરાદાની લેખિત નોટીસ આપી હોય તો તમે તમારા બાળકને સાર્વજનિક સ્કૂલમાંથી કાઢી લો તે પહેલાં, તમારે વળતર માટેના તમારા દાવાને સુરક્ષિત રાખવા માટે તમારા બાળકને મૂલ્યાંકન માટે સ્કૂલ ડિસ્ટ્રીક્ટમાં ઉપલબ્ધ કરાવવું જરૂરી છે.

સાર્વજનિક ખર્ચે ખાનગી પ્લેસમેન્ટ કરાવવાના તમારા ઇરાદા વિશે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને જાણ કરવામાં નિષ્ફળતા, તમારા બાળકને મૂલ્યાંકન માટે ઉપલબ્ધ કરાવવામાં નિષ્ફળતા અથવા તમારા તરફથી અન્ય ગેરવાજબી પગલાં લેવાના પરિણામે ALJ ખાનગી પ્લેસમેન્ટ માટે વળતર ઘટાડવા અથવા ઇનકારનો નિર્ણય કરી શકે છે.

## તમારા બાળકને બિન-સાર્વજનિક (ખાનગી) સ્કૂલમાં મૂકવું - પસંદગીને કારણે (સમાન સહભાગી સેવાઓ)

### *જો મેં મારા બાળકને બિન-સાર્વજનિક (ખાનગી) સ્કૂલમાં મૂક્યું છે કારણ કે હું બિન-સાર્વજનિક સ્કૂલ દ્વારા આપવામાં આવતા શિક્ષણના પ્રકારને પસંદ કરું છું, તો શું મારા બાળકને સાર્વજનિક સ્કૂલ ડિસ્ટ્રીકટમાંથી વિશેષ શિક્ષણ અને*

## સંબંધિત સેવાઓનો અધિકાર છે?

વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થી જે તેના અથવા તેણીના માતાપિતા દ્વારા બિન-સાર્વજનિક સ્કૂલમાં નોંધાયેલ છે તેની પાસે અમુક અથવા તમામ વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ મેળવવા માટે વ્યક્તિગત હક નથી કે જે જો તેને અથવા તેણીને જાહેર સ્કૂલમાં નોંધાયેલ હોય તો મળશે. જોકે, તમારું બાળક વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટેની પાત્રતાના મૂલ્યાંકન માટે બાળ અભ્યાસ ટીમ પાસે સંદર્ભિત થવાનો અધિકાર ધરાવે છે.

જો તમારું બાળક પ્રારંભિક બાળપણ કાર્યક્રમમાં નોંધાયેલ પ્રિ-સ્કૂલનો વિદ્યાર્થી છે તો તમારી નિવાસી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તેને અથવા તેણીને ઓળખવા માટે જવાબદાર છે અને જો યોગ્ય હોય તો વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટેની પાત્રતાનું મૂલ્યાંકન કરવા માટે જવાબદાર છે. જો તમારું બાળક પાત્ર જણાય તો તમારી નિવાસી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તેને અથવા તેણીને નિ:શુલ્ક, યોગ્ય જાહેર શિક્ષણ પૂરું પાડવા માટે બનાવવામાં આવેલ પ્રોગ્રામ ઑફર કરશે. આવો કાર્યક્રમ સાર્વજનિક સ્કૂલ ડિસ્ટ્રીક્ટમાં નોંધણી પછી પૂરો પાડવામાં આવશે અને IEP ટીમ દ્વારા નિર્ધારિત પ્લેસમેન્ટમાં પૂરો પાડવામાં આવશે. જો તમે તમારી નિવાસી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા ઑફર કરવામાં આવતા કાર્યક્રમનો ઇનકાર કરો છો કારણ કે તમે ઇચ્છો છો કે તમારું બાળક પ્રારંભિક બાળપણના કાર્યક્રમમાં રહે, તો તમે સ્કૂલ ડિસ્ટ્રીક્ટમાં જઈ શકો છો જ્યાં તમારું બાળક પ્રારંભિક બાળપણના કાર્યક્રમમાં (સંભવિત એ સમાન ડિસ્ટ્રીક્ટ) ભણે છે અને સેવા યોજના અને સેવાઓની માંગ કરી શકો છો. સેવા યોજના ત્યારે જ લખવામાં આવશે જ્યારે તમારું બાળક સેવાઓ મેળવી રહ્યું હશે અને જો તમારું બાળક ડિસ્ટ્રીક્ટમાં નોંધાયેલ હોય તો સાર્વજનિક સ્કૂલ ડિસ્ટ્રીક્ટ ઑફર કરી શકે તે સ્તરની સેવાઓનો સમાવેશ કરવાની જરૂર નથી.

જો તમારું બાળક 12મા ગ્રેડના પ્રોગ્રામમાં કિન્ડરગાર્ટનમાં હોય તો જ્યાં તમારું બાળક બિન-સાર્વજનિક સ્કૂલમાં ભણે છે (ભણે છે એ ડિસ્ટ્રીક્ટ) ત્યાંની સ્કૂલ ડિસ્ટ્રીક્ટની બાળ અભ્યાસ ટીમ નક્કી કરશે કે તમારા બાળકનું મૂલ્યાંકન કરવું કે નહીં. જો મૂલ્યાંકનની ખાતરી આપવામાં આવે, તો ટીમે તમારા માટે કોઈપણ ખર્ચ વિના આકારણી કરવી જરૂરી છે અને નિર્ધારિત કરવું જોઇએ કે તમારું બાળક વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે પાત્ર છે કે નહીં. જો તમારું બાળક પાત્ર ઠરે તો સેવા યોજના ત્યારે જ લખવામાં આવશે જ્યારે તમારું બાળક સેવાઓ મેળવી રહ્યું હશે.

## જો હું મૂલ્યાંકન સાથે અથવા પાત્રતાના નિર્ધારણ સાથે અસંમત હોઉં તો મારા અધિકારો કયા છે?

જો બાળ અભ્યાસ ટીમ નક્કી કરે કે મૂલ્યાંકનની ખાતરી આપવામાં આવી નથી અથવા જો તમે આકારણી યોજના સાથે અસંમત હોવ તો તમે મધ્યસ્થી અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરી શકો છો. જો તમે ટીમ દ્વારા હાથ ધરાતા મૂલ્યાંકન સાથે અસંમત હોવ તો તમે તમારા માટે કોઈપણ ખર્ચ વિના સ્વતંત્ર મૂલ્યાંકનની વિનંતી કરી શકો છો. જો તમે પાત્રતાના નિર્ધારણ સાથે અસંમત હોવ તો પણ તમે મધ્યસ્થી અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરી શકો છો. (મધ્યસ્થી અને યોગ્ય પ્રક્રિયાની સુનાવણી અંગે પૃષ્ઠ 15 અને 17 પરના વિભાગો જુઓ.)

## જો મારું બાળક પાત્ર ઠરે અને હું સેવાઓ માટેની દરખાસ્ત સાથે અસંમત હોઉં, તો મારા અધિકારો કયા છે?

તમારી પાસે સેવા યોજનામાં તમારા બાળક માટે પ્રસ્તાવિત વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ સાથે અસંમત થવા માટે મધ્યસ્થી અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરવાનો અધિકાર **નથી**. જ્યારે ડિસ્ટ્રીક્ટ કોઈ સેવાઓ પૂરી ન પાડવાનો નિર્ણય લે ત્યારે પણ આવું થાય છે.[12]

*[12] જો તમે તમારા બાળકની નોંધણી સાર્વજનિક સ્કૂલોમાં કરાવવાનું પસંદ કરો છો અને IEP માટે વિનંતી કરો છો તો તમને IEP*

બિન-સાર્વજનિક સ્કૂલ જ્યાં સ્થિત છે તે ડિસ્ટ્રીક્ટ દ્વારા સેવાઓની જોગવાઈ અંગેની અસંમતિ માટે તમે ફરિયાદ દાખલ કરી શકો છો. OSE નિર્ધારિત કરશે કે ભણે છે એ ડિસ્ટ્રીક્ટે (સ્કૂલ ડિસ્ટ્રીક્ટ જ્યાં તમારું બાળક બિન-સાર્વજનિક સ્કૂલમાં ભણે છે) કયા બાળકોને સેવાઓ મળશે અને સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે તે નક્કી કરવા માટે યોગ્ય પ્રક્રિયાઓનો ઉપયોગ કર્યો છે કે કેમ.

## અસંમતિનું નિરાકરણ

### *જો હું સ્કૂલ ડિસ્ટ્રીક્ટ સાથે ઓળખ, મૂલ્યાંકન, વર્ગીકરણ, શૈક્ષણિક પ્લેસમેન્ટ અથવા નિ:શુલ્ક, યોગ્ય જાહેર શિક્ષણની જોગવાઈ અંગે અસંમત હોઉં તો શું થશે?*

એવો સમય હોઈ શકે છે જ્યારે તમે અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટ અસંમત હોવ. તમારા બાળકના શિક્ષક, કેસ મેનેજર, સ્કૂલના પ્રિન્સિપાલ અથવા સ્કૂલ ડિસ્ટ્રીક્ટના અન્ય કર્મચારીઓ સાથે વાતચીત દ્વારા ઘણી અસંમતિઓનું નિરાકરણ લાવી શકાય છે. તમારી ચિંતાઓનું સમાધાન કરવા માટે રાજ્ય અને ફેડરલ કાયદા હેઠળ પણ સ્થાપિત પ્રક્રિયાઓ છે, જેમ કે ફરિયાદનું નિરાકરણ, મધ્યસ્થી અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણી.

## સ્વૈચ્છિક મધ્યસ્થી

### *મધ્યસ્થી શું છે?*

મધ્યસ્થતા એ મધ્યસ્થી તરીકે ઓળખાતી તાલીમબદ્ધ, નિષ્પક્ષ ત્રીજી વ્યક્તિની મદદથી તમારી અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટ વચ્ચેની અસંમતિઓની ચર્ચા કરવાનો અને નિરાકરણ લાવવાનો એક રસ્તો છે.

### *મધ્યસ્થી ક્યાં અને ક્યારે થાય છે?*

મધ્યસ્થીની પ્રક્રિયા મધ્યસ્થી દ્વારા એક મીટીંગ (કોન્ફરન્સ) માં થાય છે, જે વર્ચ્યુઅલી અથવા સહભાગીઓને વાજબી રીતે અનુકૂળ હોય એવા સમયે અને સ્થળે યોજવામાં આવે છે. લેખિત વિનંતી મળ્યાના 15 દિવસની અંદર મીટીંગ સુનિશ્ચિત કરવામાં આવશે.

### *મધ્યસ્થીઓની પસંદગી કેવી રીતે કરવામાં આવે છે?*

મધ્યસ્થીઓ SEA માં કાર્ય નથી કરતાં. તેઓને રોટેટિંગ ધોરણે પસંદ કરવામાં આવે છે. જ્યારે મધ્યસ્થી માટેની વિનંતી પ્રાપ્ત થાય છે ત્યારે મધ્યસ્થી કોન્ફરન્સ હાથ ધરવા માટે આગામી ઉપલબ્ધ મધ્યસ્થીને ફાળવવામાં આવે છે.

### *મધ્યસ્થી માટે કોણ કહી શકે છે?*

જો કોઈ અસંમતિ હોય તો તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રીક્ટ મધ્યસ્થી માટે કહી શકો છો.

### *મધ્યસ્થીનો ખર્ચ કેટલો થાય છે?*

મધ્યસ્થી તમને અથવા સ્કૂલને કોઈપણ ખર્ચ વિના પૂરી પાડવામાં આવે છે.

### *હું મધ્યસ્થી માટે કેવી રીતે વિનંતી કરી શકું છું?*

*માં પ્રોગ્રામ અને સેવાઓને પડકારવા માટે યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે ફાઇલ કરવાની મંજૂરી છે.*

| તમે અહીં લેખિત વિનંતી સબમિટ કરી શકો છો: | મધ્યસ્થી માટેની વિનંતી આ હોવું જરૂરી છે: |
|---|---|
| ડિરેક્ટર, ઑફિસ ઑફ સ્પેશિયલ ઍજ્યુકેશન<br>ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ ઍજ્યુકેશન<br>P.O. બૉક્સ 500<br>ટ્રેન્ટન, ન્યૂ જર્સી 086250500<br>osepdisputeresolution@doe.nj.gov | મુદ્દો જણાવવો (સમસ્યા);<br>માંગવામાં આવેલ રાહત (ઉકેલ)નો ઉલ્લેખ કરવો; અને<br>દર્શાવવું કે વિનંતીની નકલ સ્કૂલ ડિસ્ટ્રીક્ટને મોકલવામાં આવી હતી. |

*વિનંતી ફોર્મ કે જેનો ઉપયોગ મધ્યસ્થીનું કહેવા માટે થઈ શકે છે તે આ પુસ્તિકાના અંતે સાથે જોડેલ છે. કૃપા કરીને નોંધ લો કે મોડેલ ફોર્મનો ઉપયોગ જરૂરી નથી; જોકે, વિનંતી કરેલ માહિતી પૂરી પાડવાથી તમારી વિનંતીમાં ઝડપ લાવવામાં મદદ મળશે.*

## શું માતાપિતા ઇલેક્ટ્રોનિક મેઇલ અથવા અન્ય ઇલેક્ટ્રોનિક સબમિશન દ્વારા મધ્યસ્થી માટેની વિનંતી ફાઇલ કરી શકે છે?

OSE મધ્યસ્થી, યોગ્ય પ્રક્રિયાની સુનાવણી અથવા કટોકટીની રાહત માટેની વિનંતીઓ OSE દ્વારા જાળવવામાં આવતા અને નિરીક્ષણ કરવામાં આવતા ઇમેઇલ એડ્રેસ દ્વારા ઇલેક્ટ્રોનિક રીતે સ્વીકારે છે. ઇમેઇલ એડ્રેસનો ઉપયોગ વિનંતીઓ સબમિટ કરવા માટે કરવામાં આવે છે. પૂર્ણ કરેલી અરજીઓ એડોબ PDF દસ્તાવેજો તરીકે સેવ કરેલી હોવી જરૂરી છે અને ઇમેઇલમાં એટેચમેન્ટ તરીકે સબમિટ કરવા અહીં મોકલવી જરૂરી છે: osepdisputeresolution@doe.nj.gov.

એડોબ એક્રોબેટ રીડર એ દસ્તાવેજ વાંચવાનો સોફ્ટવેર છે જે નિ:શુલ્ક ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ હોય છે. કૃપા કરીને નોંધ લો કે મધ્યસ્થી કરારના અમલ માટેની અથવા ઑફિસ ઑફ ઍડમિનિસ્ટ્રેટિવ લો (વહીવટી કાયદાની ઑફિસ) દ્વારા જારી કરાયેલા અંતિમ નિર્ણયના અમલ માટેની વિનંતીઓ ઇલેક્ટ્રોનિક મેઇલ અથવા OSE ને નિયમિત મેઇલ દ્વારા સ્વીકારવામાં આવશે.

## શું હું મધ્યસ્થી કોન્ફરન્સમાં એડવોકેટ અથવા વકીલને લાવી શકું છું?

તમે મધ્યસ્થી કોન્ફરન્સમાં તમને મદદ કરવા માટે તમારી સાથે એડવોકેટ અને/અથવા વકીલ લાવી શકો છો. જો તમે ન લાવો તો પણ સ્કૂલ ડિસ્ટ્રીક્ટ મધ્યસ્થી કોન્ફરન્સમાં વકીલને પણ લાવી શકે છે.

## મધ્યસ્થી દરમિયાન મારા બાળકનું શું થાય છે?

મધ્યસ્થી માટે યોગ્ય વિનંતી પ્રાપ્ત થાય ત્યારથી લઈને મધ્યસ્થતા પૂર્ણ ન થાય ત્યાં સુધી, તમારા બાળકનું વર્ગીકરણ, કાર્યક્રમ અથવા પ્લેસમેન્ટ બદલી શકાશે નહીં સિવાય કે તમે ફેરફાર કરવા માટે સ્કૂલ સાથે સંમત થાઓ અથવા કટોકટીની રાહત (પૃષ્ઠ 20 જુઓ)ની તમારા દ્વારા અથવા ડિસ્ટ્રીક્ટ દ્વારા વિનંતી કરવામાં આવે અને ALJ દ્વારા આપવામાં આવે.

## જો કરાર પર પહોંચો તો શું થાય એ? જો કરાર પર ન પહોંચો તો?

જો તમે અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટ કરાર પર પહોંચો છો તો તે મધ્યસ્થી દ્વારા લખવામાં આવશે અને તમારા અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટ બન્ને દ્વારા સહી કરવામાં આવશે. જો મધ્યસ્થી દરમિયાન ચર્ચાઓ લેખિત કરારમાં પરિણમતી નથી તો ત્યારપછી માત્ર તારીખ અને મધ્યસ્થી કરનાર વ્યક્તિઓના નામ નોંધવામાં આવશે. મધ્યસ્થી ચર્ચાઓ ગોપનીય હોય છે અને તેનો ઉપયોગ સુનાવણીમાં પુરાવા તરીકે કરી શકાતો નથી. મધ્યસ્થી કોન્ફરન્સો ટેપ રેકોર્ડ કરી શકાતી નથી.

### જો પક્ષકારોને મધ્યસ્થી પૂર્ણ કરવા માટે વધુ સમયની જરૂર હોય તો શું થાય છે?

જો બન્ને પક્ષકારો સંમત થાય કે વધારાની માહિતી મેળવવા અથવા વિકલ્પો શોધવા માટે વધુ સમયની જરૂર છે તો મધ્યસ્થી અને પક્ષકારો યોગ્ય સમયગાળા સુધી મધ્યસ્થી લંબાવી શકે છે.

### જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ મધ્યસ્થી કરારનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો શું થશે?

જો તમે માનતા હોવ કે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા લેખિત મધ્યસ્થી કરારનો અમલ કરવામાં આવ્યો નથી તો તમે યોગ્ય ફૉર્મ ભરીને અને તેને ઉપર સૂચિબદ્ધ સરનામાં પર ઑફિસ ઑફ સ્પેશિયલ ઍજ્યુકેશનના ડિરેક્ટરને સબમિટ કરીને અથવા કોર્ટમાં અમલની માંગ કરીને કરારના અમલની વિનંતી કરી શકો છો. ફૉર્મ કે જેનો ઉપયોગ મધ્યસ્થી કરારના અમલની વિનંતી કરવા માટે કરી શકાય છે તે આ પુસ્તિકાના અંતે જોડેલ છે.

### જો હું મધ્યસ્થી કરવા માંગતો ન હોઉ તો શું થઈ શકે છે?

મધ્યસ્થી સ્વૈચ્છિક છે અને તેનો ઉપયોગ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીના તમારા અધિકારને વિલંબિત કરવા અથવા ઇનકાર કરવા માટે થઈ શકશે નહીં. જોકે, જો તમે મધ્યસ્થી પ્રક્રિયાનો ઉપયોગ ન કરવાનું પસંદ કરો તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ એવી પ્રક્રિયાઓ સ્થાપિત કરી શકે છે કે જેમાં તમારે મધ્યસ્થીના લાભોની ચર્ચા કરવા માટે રાજ્યના મધ્યસ્થી સાથે વાત કરવાની જરૂર પડે.

## યોગ્ય પ્રક્રિયાની સુનાવણી

### યોગ્ય પ્રક્રિયાની સુનાવણી શું છે?

યોગ્ય પ્રક્રિયાની સુનાવણી એ એક કાનૂની પ્રક્રિયા છે જેમાં તમારી અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટ વચ્ચેની અસંમતિના નિરાકરણનો નિર્ણય ઍડમિનિસ્ટ્રેટિવ લો જજ (ALJ) દ્વારા ઑફિસ ઑફ ઍડમિનિસ્ટ્રેટિવ લો (Office of Administrative Law, OAL) દ્વારા કરવામાં આવે છે.

### યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે કોણ કહી શકે છે?

જો તમારા બાળકની ઓળખ, મૂલ્યાંકન, કાર્યક્રમ, પ્લેસમેન્ટ અથવા તેને નિ:શુલ્ક અને યોગ્ય જાહેર શિક્ષણ પૂરું પાડવા અંગે કોઈ અસંમતિ હોય તો તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રીક્ટ નિષ્પક્ષ યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે વિનંતી કરી શકો છો.

### હું યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કેવી રીતે કરી શકું છું?

| તમે અહીં લેખિત વિનંતી સબમિટ કરી શકો છો: | યોગ્ય પ્રક્રિયા માટેની વિનંતી આ હોવું જરૂરી: |
| --- | --- |
| ડિરેક્ટર<br>ઑફિસ ઑફ સ્પેશિયલ ઍજ્યુકેશન<br>ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ ઍજ્યુકેશન P.O. બૉક્સ 500<br>ટ્રેન્ટન, ન્યૂ જર્સી 08625-0500<br><br>અથવા તમે તમારી વિનંતીને અહીં ઇમેઇલ કરી શકો છો:<br>osepdisputeresolution@doe.nj.gov | બાળકનું નામ અને ઉંમર જણાવવી;<br>બાળકનું સરનામું જણાવવું;<br>બાળક જે સ્કૂલમાં ભણે છે તેની ઓળખ;<br>સમસ્યા અને સમસ્યા સાથે સંબંધિત હકીકતોનું વર્ણન કરવું;<br>સમસ્યાના ઉકેલની દરખાસ્ત કરવી; અને<br>દર્શાવવું કે વિનંતીની એક નકલ સ્કૂલ ડિસ્ટ્રીક્ટને મોકલવામાં આવી હતી.<br><br>બેઘર બાળકના કિસ્સામાં,<br>બાળકની ઉપલબ્ધ સંપર્ક માહિતી અને બાળક ભણે છે એ સ્કૂલનું નામ. |

ફૉર્મ જેનો ઉપયોગ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરવા માટે કરી શકાય છે તે આ પુસ્તિકાના અંતે જોડેલ છે. ઉપર સૂચિબદ્ધ માહિતી પ્રદાન કરવામાં નિષ્ફળ જવાના પરિણામે: (1) તમારી વિનંતી બરતરફ થઈ શકે છે કારણ કે તે અપૂરતી છે, (2) કાર્યવાહીમાં વિલંબ થઈ શકે છે અથવા (3) જો તમે તમારો કેસ જીતો તો કોઈપણ એટર્ની ફી આપવામાં ઘટાડો થઈ શકે છે કે જેના માટે તમે હકદાર હોઈ શકો છો. કૃપા કરીને નોંધ લો કે મોડેલ ફૉર્મનો ઉપયોગ જરૂરી નથી; જોકે, વિનંતી કરેલ માહિતી પૂરી પાડવાથી તમારી વિનંતીમાં ઝડપ લાવવામાં મદદ મળશ.

## શું માતાપિતા ઇલેક્ટ્રોનિક મેઇલ અથવા અન્ય ઇલેક્ટ્રોનિક સબમિશન દ્વારા યોગ્ય પ્રક્રિયાની વિનંતી ફાઇલ કરી શકે છે?

OSE મધ્યસ્થી, યોગ્ય પ્રક્રિયાની સુનાવણી અથવા કટોકટીની રાહત માટેની વિનંતીઓ OSE દ્વારા જાળવવામાં આવતા અને નિરીક્ષણ કરવામાં આવતા ઇમેઇલ એડ્રેસ દ્વારા ઇલેક્ટ્રોનિક રીતે સ્વીકારે છે. ઇમેઇલ એડ્રેસનો ઉપયોગ વિનંતીઓ સબમિટ કરવા માટે કરવામાં આવે છે. પૂર્ણ કરેલી અરજીઓ એડોબ PDF દસ્તાવેજો તરીકે સેવ કરેલી હોવી જરૂરી છે અને ઇમેઇલમાં એટેચમેન્ટ તરીકે સબમિટ કરવા અહીં મોકલવી જરૂરી છે: osepdisputeresolution@doe.nj.gov.

એડોબ એક્રોબેટ રીડર એ દસ્તાવેજ વાંચવાનો સોફ્ટવેર છે જે નિ:શુલ્ક ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ હોય છે. કૃપા કરીને નોંધ લો કે મધ્યસ્થી કરારના અમલ માટેની અથવા ઑફિસ ઑફ ઍડમિનિસ્ટ્રેટિવ લો (વહીવટી કાયદાની ઑફિસ) દ્વારા જારી કરાયેલા અંતિમ નિર્ણયના અમલ માટેની વિનંતીઓ ઇલેક્ટ્રોનિક મેઇલ અથવા OSE ને નિયમિત મેઇલ દ્વારા સ્વીકારવામાં આવશે.

## શું હું એક જ સમયે મધ્યસ્થી અને યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરી શકું છું?

હા. યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની વિનંતીના ભાગરૂપે તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રીક્ટ મધ્યસ્થીની વિનંતી કરી શકો છો.

## મારે યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે મારી વિનંતી ક્યારે ફાઇલ કરવી જરૂરી છે?

તમે જે સ્કૂલ ડિસ્ટ્રીક્ટની કાર્યવાહીને પડકારી રહ્યાં છો તેના વિશે તમને જે તારીખે જાણ થઈ હોય અથવા જાણ થઈ હોવી જોઇએ તે તારીખથી બે વર્ષની અંદર તમારે યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે તમારી વિનંતી ફાઇલ કરવી જરૂરી છે. સમયગાળો માત્ર ત્યારે જ વધારવામાં આવશે જો તમે ALJને દર્શાવો કે સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમને વિશ્વાસ અપાવ્યો કે બાબતનું તમારા સંતોષ મુજબ નિરાકરણ થઈ ગયું છે અથવા જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમારી એવી માહિતી રોકી રાખી છે જે તેણે તમને પૂરી પાડવી કાયદા દ્વારા જરૂરી હતી.

## જ્યારે હું યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરું ત્યારે શું થાય છે?

યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની વિનંતી મળ્યાના 15 દિવસની અંદર તમારે અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટે (પક્ષકારો) ડિસ્ટ્રીક્ટ દ્વારા ગોઠવેલી અને હાથ ધરાતી નિરાકરણની મીટીંગમાં ભાગ લેવો જરૂરી છે. નિરાકરણની મીટીંગના સ્થાને, પક્ષકારો મધ્યસ્થી માટે સંમત થઈ શકે છે અથવા પક્ષકારો નિરાકરણની મીટીંગને છોડી દેવા માટે લેખિતમાં સંમત થઈ શકે છે. જો પક્ષકારો નિરાકરણની મીટીંગમાં ભાગ લઈ રહ્યાં હોય તો ડિસ્ટ્રીક્ટ આ મીટીંગની વ્યવસ્થા કરશે. જો પક્ષકારો મધ્યસ્થી માટે સંમત થયા હોય, તો ડિસ્ટ્રીક્ટના પ્રતિનિધિએ મધ્યસ્થી કોન્ફરન્સનું સમયપત્રક નક્કી કરવામાં મદદ કરવા માટે OSE નો સંપર્ક કરવો જરૂરી છે. નિરાકરણનો સમયગાળો કે જે દરમિયાન નિરાકરણ મીટીંગ અથવા મધ્યસ્થી યોજવામાં આવે છે તે 30 દિવસ સુધી ચાલે છે,

ત્યારપછી જો પક્ષકારોએ વિવાદનું નિરાકરણ ન કર્યું હોય તો આ બાબત યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે OALને મોકલવામાં આવી શકે છે.

મધ્યસ્થી અથવા નિરાકરણ મીટીંગમાં ભાગ લેવા ઉપરાંત, સ્કૂલ ડિસ્ટ્રીક્ટે વિનંતી મળ્યાના 10 દિવસની અંદર યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે તમારી વિનંતીનો જરૂરી પ્રતિસાદ ફાઇલ કરવો જરૂરી છે.

## જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ 15 દિવસમાં નિરાકરણ મીટીંગ નિર્ધારિત કરવામાં નિષ્ફળ જાય તો શું થશે?

જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ આવશ્યક સમયમર્યાદામાં નિરાકરણ મીટીંગનું આયોજન કરતું નથી અને તમે અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટ મધ્યસ્થીમાં ભાગ ન લઈ રહ્યાં હોવ અને નિરાકરણ મીટીંગને છોડી ન દીધી હોય, તો તમે ALJને યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે તમારા કેસને નિર્ધારિત કરવાનું અને 45-દિવસની સમયમર્યાદામાં શરૂ કરવાનું કહેવા માટે ઉપર સૂચિબદ્ધ સરનામા પર OSEને વિનંતી ફાઇલ કરી શકો છો. ALJ નક્કી કરશે કે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ પાસે નિરાકરણ મીટીંગ નિર્ધારિત ન કરવા માટેનું યોગ્ય કારણ હતું કે કેમ. જો ALJ નક્કી કરે છે કે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ પાસે નિરાકરણ મીટીંગ નિર્ધારિત કરવામાં નિષ્ફળ રહેવા માટેનું યોગ્ય કારણ નથી, તો ALJ યોગ્ય પ્રક્રિયાની સુનાવણી શરૂ કરવાનો આદેશ આપી શકે છે. જો ALJ નક્કી કરે છે કે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ પાસે નિરાકરણ મીટીંગ નિર્ધારિત ન કરવા માટેનું યોગ્ય કારણ હતું, તો ALJ આદેશ આપી શકે છે કે કેસ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં જાય તે પહેલાં ચોક્કસ સમયગાળાની અંદર નિરાકરણ મીટીંગ અથવા મધ્યસ્થી કોન્ફરન્સ યોજવામાં આવે.

## જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ સાથેની નિરાકરણ મીટીંગમાં હું હાજર ન રહેવાનું પસંદ કરું અથવા હું હાજર રહેવામાં નિષ્ફળ જાઉં તો શું થશે?

જો તમે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ સાથેની નિરાકરણ મીટીંગમાં હાજર રહેવામાં નિષ્ફળ જાઓ અને તમે અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટ મધ્યસ્થીમાં ભાગ ન લઈ રહ્યાં હોવ અને નિરાકરણ મીટીંગને છોડી દીધી ન હોય તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ ALJ દ્વારા યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે તમારી વિનંતીને બરતરફ કરવા માટે વિનંતી ફાઇલ કરી શકે છે. જો ALJ નક્કી કરે કે તમારી પાસે નિરાકરણ મીટીંગમાં હાજર ન રહેવા માટે કોઈ માન્ય કારણ નથી તો ALJ યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની તમારી વિનંતીને બરતરફ કરી શકે છે. જો ALJ નક્કી કરે છે કે તમારી પાસે નિરાકરણ મીટીંગમાં હાજર ન રહેવા માટે માન્ય કારણ છે, તો ALJ આદેશ આપી શકે છે કે કેસ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં જાય તે પહેલાં ચોક્કસ સમયગાળાની અંદર નિરાકરણ મીટીંગ અથવા મધ્યસ્થી કોન્ફરન્સ યોજવામાં આવે.

જો ALJ તમારો કેસ બરતરફ કરી નાખે તો તમે યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે નવી વિનંતી ફાઇલ કરી શકો છો. યોગ્ય પ્રક્રિયાની સુનાવણી શરૂ થાય પહેલા નિરાકરણ માટેની તમામ જરૂરિયાતો ફરીથી શરૂ થશે.

## શું સ્કૂલ ડિસ્ટ્રીક્ટ યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની મારી વિનંતીને પડકારી શકે છે?

જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ માનતી હોય કે તમે પૃષ્ઠ 17 પર સૂચિબદ્ધ પર્યાપ્ત વિનંતી માટેની જરૂરિયાતો પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા છો તો તે તમારી અરજીની પર્યાપ્તતાને પડકારી શકે છે. જો ALJ સંમત થાય કે તમારી અરજી અપર્યાપ્ત છે તો ALJ ક્યાં તો તમને તમારી વિનંતીમાં સુધારો કરવાની પરવાનગી આપી શકે છે અથવા વિનંતી બરતરફ કરી શકે છે. જો સુધારાની પરવાનગી આપવામાં આવે તો તમારે ALJ એ નિર્દેશ આપ્યા મુજબ તમારી અરજીમાં સુધારો કરવો પડશે. જો વિનંતી બરતરફ કરવામાં આવે તો તમે ખામીઓને સુધારી શકો છો અને યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે નવી વિનંતી ફાઇલ કરી શકો છો.

## શું હું OSE પાસે ફાઇલ કર્યા પછી યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની મારી વિનંતીમાં સુધારો કરી શકું છું?

હા. જોકે, તમે માત્ર સ્કૂલ ડિસ્ટ્રીક્ટની સંમતિથી જ અથવા જો તમારા કેસની સુનાવણી કરતા ALJને તમે વિનંતી કરો છો અને તેમની પાસેથી પરવાનગી મેળવો છો તો જ તમે યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની તમારી વિનંતીમાં સુધારો કરી શકો છો. જો તમને સ્કૂલ ડિસ્ટ્રીક્ટ અથવા ALJ તરફથી સંમતિ ન મળે તો તમારી વિનંતી સુધારી શકાશે નહીં.

## જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરે તો શું થશે?

જો તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તમારા બાળક સંબંધિત કોઈ સમસ્યાના સંદર્ભમાં યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરે છે, તો તમે અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટ વિવાદમાં મધ્યસ્થી કરવા માટે સંમત થઈ શકો છો. કેસને તરત જ OAL ને મોકલવામાં આવશે અને તમે નિયુક્ત ALJ ને જાણ કરી શકો છો કે તમે મધ્યસ્થી પ્રક્રિયામાં ભાગ લેવા ઇચ્છો છો. જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ સંમત થાય, તો બાબતને મધ્યસ્થી માટે સુનિશ્ચિત કરવામાં આવશે અને યોગ્ય પ્રક્રિયાની સુનાવણી શરૂ થાય તે પહેલાં મધ્યસ્થી કોન્ફરન્સ યોજવામાં આવશે. જો તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રીક્ટમાંથી કોઈપણ પક્ષ બાબત માટે મધ્યસ્થી કરવા ન ઇચ્છતું હોય, તો યોગ્ય પ્રક્રિયાની સુનાવણી સુનિશ્ચિત કરવામાં આવશે.

## કેસનો નિર્ણય આવતા કેટલો સમય લાગે છે?

નિરાકરણ પ્રવૃત્તિઓ થઈ જાય ત્યારપછી અને કેસ OALને મોકલવામાં આવ્યા પછી યોગ્ય પ્રક્રિયાની સુનાવણી પૂર્ણ થવી જરૂરી છે અને નિર્ણયની નકલ 45 દિવસની અંદર તમને અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટને મેઇલ કરવામાં આવશે, સિવાય કે ALJ દ્વારા ચોક્કસ સમયનો વધારો મંજૂર કરવામાં આવ્યો હોય.

## જો હું મારા બાળકની પાત્રતાની સ્થિતિ, વર્ગીકરણ, કાર્યક્રમ અથવા પ્લેસમેન્ટમાં ફેરફાર કરવાના મારા બાળકની IEP ટીમના નિર્ધારણ સાથે અસંમત હોઉં અને હું મધ્યસ્થી અને/અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે વિનંતી ફાઇલ કરું, તો મારા બાળકનું શું થશે કે જ્યારે કેસનો નિર્ણય થઈ રહ્યો છે?

જો તમે ડિસ્ટ્રીક્ટ તરફથી લેખિત નોટીસ મળ્યા પછી યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે તમારી વિનંતી ફાઇલ કરો છો, તો પ્રસ્તાવિત કાર્યવાહી થઈ શકશે નહીં અને તમારા બાળકના વર્ગીકરણ, કાર્યક્રમ અથવા પ્લેસમેન્ટમાં કોઈ ફેરફાર કરી શકાશે નહીં. જ્યાં સુધી તમારી મધ્યસ્થી અને/અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણીનું પક્ષકારોની સંમતિ દ્વારા, તમારા દ્વારા વિનંતી પાછી ખેંચી લેવાથી અથવા ALJ દ્વારા અંતિમ નિર્ણય જારી કરીને નિરાકરણ ન આવે ત્યાં સુધી તમારું બાળક તેના અથવા તેણીના વર્તમાન પ્લેસમેન્ટમાં રહેશે.

જો યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની તમારી વિનંતીમાં "સ્ટે-પુટ" ના હેતુઓ માટે તમારા બાળકના વર્તમાન શૈક્ષણિક પ્લેસમેન્ટને સંબંધિત એક અથવા વધુ મુદ્દાઓ સામેલ હોય, તો ALJ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં અંતિમ નિર્ણય બાકી રહે ત્યાં સુધી પ્લેસમેન્ટ સંબંધિત પ્રારંભિક નિર્ણય કરે એ યોગ્ય છે.

## જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં ALJ ના નિર્ણયનું પાલન ન કરે તો શું થશે?

સ્કૂલ ડિસ્ટ્રીક્ટ ALJ ના નિર્ણયનું પાલન કરે તેવો આદેશ મેળવવા માટે તમને ક્યાં તો કોર્ટમાં જવાનો અધિકાર છે અથવા તમે ઉપર સૂચિબદ્ધ સરનામે OSE ના ડિરેક્ટરને લેખિત વિનંતી સબમિટ કરી શકો છો અને ALJ ના

નિર્ણયના અમલની માંગ કરી શકો છો. તમારે તમારી વિનંતી 90 દિવસની અંદર કરવી જરૂરી છે કે જ્યારે સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમે દાવો કર્યો હોય તે કાર્યવાહી પૂર્ણ કરવાની હતી જે નહોતી થઈ અને તમારી વિનંતીમાં ઑફિસ ઑફ ઍડમિનિસ્ટ્રેટિવ લોના નિર્ણયની નકલ શામેલ હોવી જરૂરી છે. સ્કૂલ ડિસ્ટ્રીક્ટ ત્યારપછી વિનંતીનો પ્રતિસાદ આપી શકે છે અને તમારી સાથેની અસંમતિનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરી શકે છે. જો બાબતનું નિરાકરણ નથી થયું તો OSE નક્કી કરશે કે સ્કૂલ ડિસ્ટ્રીક્ટ ALJ ના નિર્ણયનું પાલન કરવામાં નિષ્ફળ ગઈ છે કે કેમ અને જો તે નિર્ધારિત થાય કે સ્કૂલ ડિસ્ટ્રીક્ટે આમ કર્યું નથી તો OSE સ્કૂલ ડિસ્ટ્રીક્ટને પાલન કરવાનો નિર્દેશ આપશે. જોકે, જો તમે અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટ ALJ ના નિર્ણયને જારી કર્યા પછી તેને સુધારવા માટે સંમત થાઓ છો તો તમે ALJ ના નિર્ણયના તે ભાગને અમલમાં મૂકવાની માંગ કરી શકશો નહીં કે જે તમે સુધારેલ છે. ફૉર્મ કે જેનો ઉપયોગ યોગ્ય નિર્ણયની પ્રક્રિયાના અમલ માટે વિનંતી કરવા માટે થઈ શકે છે તે આ પુસ્તિકાના અંતે સાથે જોડેલ છે.

## ઝડપી યોગ્ય પ્રક્રિયાની સુનાવણી

### *ઝડપી યોગ્ય પ્રક્રિયાની સુનાવણી શું છે?*

ઝડપી યોગ્ય પ્રક્રિયાની સુનાવણી એ શિસ્ત સંબંધી બાબતો પર ALJ સમક્ષ સુનાવણી છે. ઉદાહરણ તરીકે જો તમે IEP ટીમના એ નિર્ધારણ સાથે અસંમત હોવ કે તમારા બાળકની વર્તણુંક તેની વિકલાંગતાની અભિવ્યક્તિ ન હતી તો તમે ઝડપી સુનાવણીની વિનંતી કરી શકો છો. જો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ માને છે કે તમારા બાળક માટે તેના અથવા તેણીના વર્તમાન પ્લેસમેન્ટમાં રહેવું જોખમી છે અને તમે અને ડિસ્ટ્રીક્ટ યોગ્ય પ્લેસમેન્ટ માટે સંમત ન થઈ શકો તો ડિસ્ટ્રીક્ટે તમારા બાળકને દૂર કરવા માટે ઝડપી સુનાવણીની વિનંતી કરવી જરૂરી છે.

### *ઝડપી યોગ્ય પ્રક્રિયાની સુનાવણી અને અન્ય યોગ્ય પ્રક્રિયાની સુનાવણી વચ્ચે શું તફાવત છે?*

યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતીના 20 સ્કૂલ દિવસોની અંદર ઝડપી યોગ્ય પ્રક્રિયાની સુનાવણી થવી જરૂરી છે અને ALJ નો નિર્ણય સુનાવણીના 10 સ્કૂલ દિવસોમાં જારી થવો જરૂરી છે. ઉપરાંત, ઝડપી યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે નિરાકરણનો સમયગાળો 15 દિવસનો છે અને મધ્યસ્થી અથવા નિરાકરણ મીટીંગ યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની વિનંતીના 7 દિવસની અંદર યોજવી જોઇએ.

### *શું મધ્યસ્થી ઝડપી સુનાવણીના ભાગરૂપે ઉપલબ્ધ છે?*

હા. મધ્યસ્થી ઉપલબ્ધ છે.

## કટોકટીની રાહત માટેની અરજી

### *કટોકટીની રાહત શું છે?*

કટોકટીની રાહત એ ALJ ને યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની વિનંતી સાથે સંબંધિત કોઈ મુદ્દા પર કામચલાઉ (વચગાળાનો) નિર્ણય કરવા માટે કરવામાં આવેલી વિનંતી છે. કટોકટીની રાહત માટેની વિનંતી તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રીક્ટ કરી શકો છો. કટોકટીની રાહત માટેની વિનંતી તરત જ OAL ને મોકલવામાં આવે છે, જેથી ALJ કામચલાઉ નિર્ણય કરી શકે, જે કેસમાં અંતિમ નિર્ણય લેવામાં આવે ત્યાં સુધી અમલમાં રહેશે. કટોકટીની રાહત માટેની વિનંતીને આધીન મુદ્દાની ઝડપથી સુનાવણી કરવામાં આવે છે અને તેમાં મધ્યસ્થી અથવા નિરાકરણની મીટીંગની તક આપવામાં આવતી નથી. સંપૂર્ણ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીથી વિપરીત, કટોકટીની સુનાવણીમાં

ઘણીવાર અગાઉ સબમિટ કરવામાં આવેલા લેખિત પ્રમાણપત્રો અને પુરાવાઓના આધારે મૌખિક દલીલો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

## કટોકટીની રાહત માટેની વિનંતી અને યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની વિનંતી વચ્ચે શું તફાવત છે?

જો તમે અથવા ડિસ્ટ્રીક્ટ કટોકટીની રાહત માટેની વિનંતી કરો છો, તો તે યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની વિનંતી સાથે સંબંધિત હોવી આવશ્યક છે. કટોકટીની રાહત માટેની વિનંતીના પરિણામે યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટેની વિનંતી સાથે સંબંધિત કોઈ મુદ્દા પર કામચલાઉ નિર્ણય લેવામાં આવશે. કામચલાઉ નિર્ણય ત્યાં સુધી અમલમાં રહેશે જ્યાં સુધી યોગ્ય પ્રક્રિયાની વિનંતીનું નિરાકરણ પક્ષકારોની સંમતિ દ્વારા અથવા સંપૂર્ણ યોગ્ય પ્રક્રિયાની સુનાવણી પછી ALJ દ્વારા લેવામાં આવેલા અંતિમ નિર્ણય દ્વારા ન આવે. નીચેના અધિકારો તમામ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીઓ પર લાગુ પડે છે, પરંતુ તે કટોકટીની રાહત માટેની વિનંતી પર લાગુ પડશે નહીં, કારણ કે કટોકટીની રાહતને આધીન મુદ્દાની ઝડપથી સુનાવણી કરવામાં આવે છે. નીચેના અધિકારો સંપૂર્ણ યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે ઉપલબ્ધ રહેશે.

- નિરાકરણની મીટીંગ અથવા મધ્યસ્થીમાં ભાગ લેવાનો અધિકાર;
- તમારી પોતાની માહિતી રજૂ કરવાનો, અન્ય પક્ષના સાક્ષીઓને પ્રશ્નો પૂછવાનો અને ચોક્કસ વ્યક્તિઓને સુનાવણીમાં જુબાની આપવા માટે હાજર થવા જરૂરી બનાવવાનો અધિકાર;
- જો ડિસ્ટ્રીક્ટે સુનાવણીના ઓછામાં ઓછા પાંચ કાર્યકારી દિવસ પહેલાં પુરાવા તમારી સાથે શેર કર્યા ન હોય, તો તે પુરાવાનો સુનાવણીમાં ઉપયોગ થતો અટકાવવાનો અધિકાર;
- સુનાવણીના ઓછામાં ઓછા પાંચ કાર્યકારી દિવસ પહેલાં, બંને પક્ષોએ પુરાવા તરીકે ઉપયોગ કરવાની યોજના ધરાવતા તમામ મૂલ્યાંકનો અને ભલામણો એકબીજા સાથે શેર કરવી આવશ્યક છે.

કારણ કે કટોકટીની રાહત માટેની વિનંતી માત્ર કોઈ મુદ્દાને કામચલાઉ રીતે સંબોધે છે, યોગ્ય પ્રક્રિયાની વિનંતી તેની જરૂરી પ્રક્રિયા મુજબ આગળ ચાલુ રહે છે, જેમાં પક્ષકારોને નિરાકરણની મીટીંગ અથવા મધ્યસ્થીમાં ભાગ લેવાની તક પણ સામેલ છે. જો માતાપિતાની યોગ્ય પ્રક્રિયાની વિનંતી પ્રાપ્ત થયાના 30 દિવસની અંદર તેનું નિરાકરણ ન આવે, તો વિનંતીમાં ઉલ્લેખિત તમામ મુદ્દાઓ પર સંપૂર્ણ યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે આ વિનંતી OAL ને મોકલવામાં આવશે.

## કયા મુદ્દાઓને "કટોકટી" ગણવામાં આવે છે?

નીચેના મુદ્દાઓ માટે કટોકટીની રાહતની વિનંતી કરવામાં આવી શકે છે:

- સેવાઓ આપવામાં વિરામ સાથે સંકળાયેલા મુદ્દાઓ (દા.ત. હોમ ઇન્સ્ટ્રક્ટર પ્રદાન કરવામાં નિષ્ફળતા અથવા વિસ્તૃત સ્કૂલ વર્ષની સેવાઓમાં ફેરફાર અથવા તે પ્રદાન કરવામાં નિષ્ફળતા);
- યોગ્ય કાર્યવાહીની પ્રક્રિયાના પરિણામ બાકી રહેવા સુધી પ્લેસમેન્ટ સંબંધિત મુદ્દાઓ; અને
- ગ્રેજ્યુએશન અથવા ગ્રેજ્યુએશન સમારોહમાં ભાગ લેવા સાથે સંકળાયેલા મુદ્દાઓ.

## કટોકટીની રાહતનો નિર્ણય કેવી રીતે લેવાય છે?

કટોકટીની રાહત મંજૂર થઈ શકે છે, જો ALJ નક્કી કરે કે:

- વિનંતી કરેલ રાહત મંજૂર કરવામાં નહીં આવે તો અરજદારને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન

થશે;

- અરજદારના દાવા હેઠળના કાનૂની અધિકારનું સમાધાન થઈ ગયું છે;
- અરજદારને અંતર્ગત દાવાની યોગ્યતાઓ પર પ્રબળતાની સંભાવના છે; અને
- જ્યારે પક્ષકારોની ઇક્વિટી અને હિતો સંતુલિત હોય, ત્યારે વિનંતી કરેલ રાહત જો મંજૂર કરવામાં ન આવે તો અરજદારને પ્રતિવાદીને જે નુકસાન થશે તેના કરતાં વધારે નુકસાન થશે.

### *હું કટોકટીની રાહતની વિનંતી કેવી રીતે કરી શકું છું?*

યોગ્ય પ્રક્રિયાની સુનાવણી અથવા ઝડપી યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરવા માટે જરૂરી માહિતી ઉપરાંત, કટોકટીની રાહતની વિનંતીઓ સહી કરેલ સર્ટિફીકેટ દ્વારા સમર્થિત હોવી જરૂરી છે જેમાં વિનંતીનું કારણ સ્પષ્ટ કરવામાં આવ્યું હોય. આ પુસ્તિકામાં કોરું સર્ટિફીકેટ સામેલ છે. તમારે વિનંતીની એક નકલ સ્કૂલ ડિસ્ટ્રીક્ટને પૂરી પાડવી જરૂરી છે અને વિનંતીમાં નોંધ હોવી જોઇએ કે તમે તે સ્કૂલ ડિસ્ટ્રીક્ટને પૂરી પાડી છે.

### *શું માતાપિતા ઇલેક્ટ્રોનિક મેઇલ અથવા અન્ય ઇલેક્ટ્રોનિક સબમિશન દ્વારા કટોકટીની રાહતની વિનંતી ફાઇલ કરી શકે છે?*

હા, OSE દ્વારા જાળવવામાં આવતા અને નિરીક્ષણ કરવામાં આવતા ઇમેઇલ એડ્રેસ પર કટોકટીની રાહત માટેની વિનંતી ઇલેક્ટ્રોનિક રીતે સબમિટ કરી શકાય છે અને OSE તેને સ્વીકારશે. આ ઇમેઇલ એડ્રેસનો ઉપયોગ વિનંતીઓ સબમિટ કરવા માટે કરવામાં આવશે. પૂર્ણ કરેલી અરજીઓ એડોબ PDF દસ્તાવેજો તરીકે સેવ કરેલી હોવી જરૂરી છે અને ઇમેઇલમાં એટેચમેન્ટ તરીકે સબમિટ કરવા અહીં મોકલવી જરૂરી છે: osepdisputeresolution@doe.nj.gov. એડોબ એક્રોબેટ રીડર એ દસ્તાવેજ વાંચવાનો સોફ્ટવેર છે જે નિ:શુલ્ક ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ હોય છે.

### *મારો કેસ યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે મોકલવામાં આવ્યા પછી જો મારે કટોકટીની રાહતની વિનંતી કરવાની જરૂર હોય તો શું થશે?*

જો તમારા કેસને યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે ઑફિસ ઑફ ઍડમિનિસ્ટ્રેટિવ લોને મોકલવામાં આવે ત્યાર પછી તમારે તાત્કાલિક ઓર્ડરની વિનંતી કરવાની જરૂર હોય, તો તમે તમારી વિનંતી ALJ પાસે ફાઇલ કરી શકો છો જે તમારા યોગ્ય પ્રક્રિયાના કેસની સુનાવણી માટે ફાળવાયેલ છે. ALJ ત્યારપછી તમારી વિનંતીની સમીક્ષા કરશે, તમારી અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટની દલીલો સાંભળશે અને કટોકટીની રાહતની તમારી વિનંતીના સંદર્ભમાં નિર્ણય જારી કરશે.

## નિયમિત સુનાવણીની પ્રક્રિયાના અધિકારો

**બન્ને પક્ષકારો માટે નીચેના યોગ્ય પ્રક્રિયાના અધિકારો છે:**

- કાનૂની સલાહકાર અને વિકલાંગતા ધરાવતા બાળકો વિશે વિશેષ જાણકારી અથવા તાલીમ ધરાવતી વ્યક્તિઓ દ્વારા યોગ્ય પ્રક્રિયાની સુનાવણી વખતે માતાપિતાને સલાહ આપવાનો અને તેમની સાથે રહેવાનો અધિકાર છે. ડિસ્ટ્રીક્ટનું પ્રતિનિધિત્વ કાનૂની સલાહકાર દ્વારા થવું જરૂરી છે;
- કોઈપણ પક્ષકારો પુરાવા રજૂ કરી શકે છે, સાક્ષીઓની હાજરી જરૂરી હોઈ શકે છે અને સાક્ષીઓની ઉલટ-તપાસ થઈ શકે છે;

- કોઈપણ પક્ષકાર ALJને કોઈપણ પુરાવા રજૂ કરવાનું રોકવા માટે કહી શકે છે જેમાં કોઈપણ મૂલ્યાંકન અથવા તે મૂલ્યાંકન પર આધારિત ભલામણોનો સમાવેશ થાય છે કે જેનું યોગ્ય પ્રક્રિયાની સુનાવણીના ઓછામાં ઓછા પાંચ દિવસ પહેલા અથવા ઝડપી યોગ્ય પ્રક્રિયાની સુનાવણીના ઓછામાં ઓછા બે દિવસ પહેલા આદાનપ્રદાન કરવામાં આવ્યું ન હોય; અને
- કોઈપણ પક્ષકાર સુનાવણીનો લેખિત અથવા ઇલેક્ટ્રોનિક શબ્દશઃ રેકોર્ડ મેળવી શકે છે. તમારી પાસે, જો તમે ઇચ્છો તો, સુનાવણીનો અને હકીકત અને નિર્ણયના તારણોનો લેખિત અથવા ઇલેક્ટ્રોનિક શબ્દશઃ રેકોર્ડ મેળવવાનો અધિકાર છે. હકીકત અને નિર્ણયના રેકોર્ડ કરેલા તારણો તમને, માતાપિતાને કોઈ પણ ખર્ચ વિના આપવામાં આવશે.

**તમને નીચેના અધિકાર છે:**

- તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટમાંથી, ઉપલબ્ધ કોઈપણ નિ:શુલ્ક અથવા ઓછા ખર્ચે કાનૂની અને અન્ય વકીલાત સેવાઓની યાદી માટે પૂછવાનો અને મેળવવાનો. જ્યારે તમે યોગ્ય પ્રક્રિયાની સુનાવણી માટે કહો છો ત્યારે OSE આ યાદી તમને મોકલે છે;
- ALJ ની યાદી અને તેમની લાયકાત જોવાનો કે જે OAL દ્વારા જાળવવામાં આવે છે;
- સુનાવણી જાહેર જનતા માટે ખુલ્લી રાખવાનો;
- તમારા બાળકને સુનાવણીમાં હાજર રાખવાનો;
- જો જરૂરી હોય તો તમારા માટે કોઈ ખર્ચ વિના દુભાષિયા હાજર રાખવાનો; અને
- તમને વ્યાજબી રીતે અનુકૂળ હોય તેવા સમયે અને સ્થળે સુનાવણી હાથ ધરવાનો.

વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ કે જેઓ 21 વર્ષથી વધુ ઉંમરના છે અને વિશેષ શિક્ષણ સેવાઓ પ્રાપ્ત કરી રહ્યાં છે તેઓને નિ:શુલ્ક, યોગ્ય જાહેર શિક્ષણની ઓળખ, મૂલ્યાંકન, પ્લેસમેન્ટ અથવા જોગવાઈ અંગેના વિવાદનું નિરાકરણ લાવવા માટે મધ્યસ્થી અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરવાનો અધિકાર છે.

યોગ્ય નિર્ણયોની પ્રક્રિયાની નકલો સ્ટેટ સ્પેશિયલ એજ્યુકેશન એડવાઇઝરી કાઉન્સિલ (State Special Education Advisory Council, SSEAC)ને પૂરી પાડવામાં આવે છે અને વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી દૂર કર્યા પછી તે જાહેર જનતા માટે ઉપલબ્ધ હોય છે.

### ઍડમિનિસ્ટ્રેટિવ લો જજ

- સુનાવણી એવી કોઈ જાહેર એજન્સી દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ દ્વારા હાથ ધરવામાં આવી શકે નહીં કે જે તમારા બાળકના શિક્ષણ અથવા સંભાળ સાથે સંકળાયેલી હોય અથવા અન્યથા વ્યક્તિગત અથવા વ્યવસાયિક હિતોનો સંઘર્ષ હોય. ન્યૂ જર્સીમાં સુનાવણી હંમેશા ઑફિસ ઑફ ઍડમિનિસ્ટ્રેટિવ લોના ઍડમિનિસ્ટ્રેટિવ લો જજ દ્વારા હાથ ધરવામાં આવે છે. ALJને ફક્ત તમારા બાળકના શિક્ષણ અથવા સંભાળ સાથે સંકળાયેલી જાહેર એજન્સીના કર્મચારી ગણવામાં આવતા નથી કારણ કે તેને અથવા તેણીને યોગ્ય પ્રક્રિયાની સુનાવણી હાથ ધરવા માટે ચૂકવણી કરવામાં આવે છે.
- ALJ દ્વારા લેવાયેલ નિર્ણય અંતિમ હોય છે અને તમારે અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તેનું પાલન કરવું જરૂરી છે સિવાય કે કોઈપણ પક્ષકારો નિર્ણયની તારીખના 90 દિવસની અંદર રાજ્ય અથવા ફેડરલ કોર્ટમાં નિર્ણયની અપીલ કરે.

## *જો હું તેની સાથે સંમત ન હોઉં તો શું હું યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં*

### એડમિનિસ્ટ્રેટિવ લો જજના નિર્ણય સામે અપીલ કરી શકું છું?

હા. યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં ALJ નો નિર્ણય અંતિમ હોય છે અને તેની સમીક્ષા અને ફેરફાર ફક્ત યુનાઇટેડ સ્ટેટ્સ ડિસ્ટ્રીક્ટ કોર્ટ અથવા ન્યૂ જર્સીની સુપિરિયર કોર્ટ દ્વારા જ કરી શકાય છે કે જે દરેક કોર્ટ પાસે તેના કેસ દાખલ કરવા માટેના નિયમો અનુસાર હોય છે. જો તમે તમારા યોગ્ય પ્રક્રિયાના કેસમાં ALJ ના નિર્ણય સાથે અસંમત હોવ તો તમે ALJ દ્વારા નિર્ણય જારી કરવામાં આવે તે તારીખના 90 કેલેન્ડર દિવસોની અંદર આમાંથી કોઈપણ કોર્ટમાં અપીલ કરી શકો છો. અપીલમાં કોર્ટ તમારા અને સ્કૂલ ડિસ્ટ્રીક્ટ દ્વારા પૂરા પાડવામાં આવેલ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીના રેકોર્ડની સમીક્ષા કરશે અને તમારી અથવા સ્કૂલ ડિસ્ટ્રીક્ટની વિનંતી પર વધારાના પુરાવાઓ સાંભળશે. ત્યારપછી કોર્ટ પુરાવાની પ્રબળતાના આધારે નિર્ણય જાહેર કરશે.

### શું હું યોગ્ય પ્રક્રિયા માટેની મારી વિનંતીનું નિરાકરણ લાવવા માટે ડિસ્ટ્રીક્ટ સાથે સમાધાન કરાર કરી શકું?

હા, તમે OAL ની પ્રક્રિયાની બહાર ખાનગી રીતે સમાધાન કરાર કરી શકો છો. ALJ નિરાકરણ તરફ દોરી જતી ચર્ચાઓમાં મદદ કરી શકે છે, પરંતુ એકવાર કરાર થઈ જાય પછી, પક્ષકારોએ તેની શરતોને સ્વતંત્ર રીતે અંતિમ સ્વરૂપ આપવું આવશ્યક છે. OAL સમાધાનને મંજૂરી આપતો અંતિમ નિર્ણય જારી કરશે નહીં. જો સમાધાન કરાર N.J.A.C. 6A:14-6.5 હેઠળ વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓના શિક્ષણ માટે ખાસ મંજૂર ન કરાયેલી માન્યતા પ્રાપ્ત બિન-જાહેર શાળામાં પ્લેસમેન્ટ માટે હોય, તો ALJ સમાધાન કરારને માત્ર વિદ્યાર્થીના બિન-જાહેર શાળામાં પ્લેસમેન્ટને લગતી બાબતો માટે મંજૂર કરી શકે છે, પરંતુ આ મંજૂરીને OAL દ્વારા જારી કરાયેલા અંતિમ નિર્ણય તરીકે ગણવામાં આવશે નહીં.

## એટર્ની ફી

### હું એટર્ની ફી કેવી રીતે પાછી મેળવી શકું છું?

જો તમે તમારી યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં ચાલુ રાખશો તો તમે કાયદાની મર્યાદામાં વાજબી એટર્ની ફી અને ખર્ચ આપવા માટે રાજ્ય અથવા ફેડરલ કોર્ટ પાસેથી ઓર્ડરની વિનંતી કરી શકો છો.

### શું એટર્ની ફીનો ઇનકાર કરી શકાય છે અથવા ઘટાડી શકાય છે?

ન્યાયાધીશ દ્વારા ફી આપવા માટે લાગુ પડતા માપદંડોના આધારે વિનંતીને ધ્યાનમાં લઈને એટર્ની ફી આપવામાં ઘટાડો કરી શકાય છે, જેમાં જો કાર્યવાહી દરમિયાન તમે કેસની પતાવટમાં અથવા નિર્ણયમાં ગેરવાજબી વિલંબ કર્યો હોય, ખર્ચવામાં આવેલ સમય અને આપવામાં આવેલી સેવાઓ વધુ પડતી હોય અથવા તમારા એટર્ની દ્વારા લેવામાં આવતી ફી વાજબી દરો કરતાં વધી જાય તેનો સમાવેશ થાય છે.

### શું સ્કૂલ ડિસ્ટ્રીક્ટ એટર્ની ફીની વિનંતી કરી શકે છે?

હા. જો તમે ફાઇલ કરેલ યોગ્ય પ્રક્રિયાનો કેસ સ્કૂલ ડિસ્ટ્રીક્ટ ચાલુ રાખે તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ એટર્ની ફીની વિનંતી કરી શકે છે. જો રાજ્ય અથવા ફેડરલ કોર્ટના ન્યાયાધીશ નિર્ધારિત કરે છે કે યોગ્ય પ્રક્રિયાનો કેસ અર્થહીન, અયોગ્ય અથવા આધાર વગરનો હતો અથવા કોઈપણ અયોગ્ય હેતુ માટે રજૂ કરવામાં આવ્યો હતો, તો ન્યાયાધીશ તમારા એટર્નીને સ્કૂલ ડિસ્ટ્રીક્ટની એટર્ની ફી ચૂકવવાનો આદેશ આપી શકે છે. જો તમારી પાસે કોઈ એટર્ની ન હોય અને રાજ્ય અથવા ફેડરલ ન્યાયાધીશ નિર્ધારિત કરે કે તમારો યોગ્ય પ્રક્રિયાનો કેસ કોઈપણ અયોગ્ય હેતુ માટે રજૂ કરવામાં આવ્યો હતો, જેમ કે પરેશાન કરવા, બિનજરૂરી વિલંબ કરવા અથવા દાવાના ખર્ચમાં બિનજરૂરી વધારો કરવા માટે, તો ન્યાયાધીશ તમને સ્કૂલ ડિસ્ટ્રીક્ટની એટર્ની ફી ચૂકવવાનો આદેશ આપી શકે છે.

# રાજ્યની ફરિયાદનું નિરાકરણ

## *રાજ્યની ફરિયાદ શું છે?*

રાજ્યની ફરિયાદ એ આરોપ લગાવવાની પ્રક્રિયા છે કે રાજ્યના શિક્ષણ વિભાગ સહિત વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને સાર્વજનિક ભંડોળ પૂરું પાડવામાં આવતા શૈક્ષણિક કાર્યક્રમો અને સેવાઓ પ્રદાન કરતી જાહેર અથવા ખાનગી શિક્ષણ એજન્સીએ ફેડરલ અથવા રાજ્યના વિશેષ શિક્ષણના કાયદાનું ઉલ્લંઘન કર્યું છે. રાજ્યની ફરિયાદ, તેના નામ મુજબ રાજ્યના શિક્ષણ વિભાગમાં ફાઇલ કરવામાં આવે છે અને કથિત ઉલ્લંઘન(નો)ની વિભાગ દ્વારા સ્વતંત્ર તપાસની વિનંતી કરે છે.

## *રાજ્યની ફરિયાદ અને યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી વચ્ચે થોડા તફાવતો કયા છે?*

રાજ્યની ફરિયાદ ફાઇલ કરવી અથવા યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરવી કે કેમ તે નક્કી કરતી વખતે, માતાપિતાને બે પ્રક્રિયાઓ વચ્ચેના તફાવતોની જાણ હોવી જોઇએ. આ તફાવતોની ચર્ચા એક અલગ પ્રકાશનમાં કરવામાં આવી છે, જેનું શીર્ષક છે લેખિત રાજ્યની ફરિયાદો અને યોગ્ય સુનાવણીની પ્રક્રિયા માટેની વિનંતીઓની સરખામણી, જે અહીં ઉપલબ્ધ છે

https://www.nj.gov/education/specialed/policy/disputeresolution/Files%20(docs%20and%20images)/ComparisonofStateComplaintvsRequestforDueProcess.pdf. કેટલાક મહત્વના તફાવતો નીચે મુજબ છે:

1) રાજ્યની ફરિયાદ માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા માતાપિતાના આરોપોની જાતે તપાસ કરવાની જરૂર હોય છે જ્યારે યોગ્ય પ્રક્રિયાની સુનાવણી એ ઍડમિનિસ્ટ્રેટિવ લો જજ સમક્ષ ઔપચારિક, વિરોધી પ્રક્રિયા હોય છે, જેમાં ઘણીવાર નિષ્ણાત સાક્ષીઓ નિયુક્ત કરવાની જરૂર હોય છે;

2) રાજ્યની ફરિયાદ કથિત ઉલ્લંઘનના એક વર્ષની અંદર દાખલ કરવી જરૂરી છે જ્યારે યોગ્ય પ્રક્રિયાની અરજી કથિત ઉલ્લંઘન વિશે માતાપિતાને જે તારીખે જાણ થઈ હોય અથવા જાણ થઈ હોવી જોઇએ તે તારીખના બે વર્ષની અંદર ફાઇલ કરવી જરૂરી છે;

3) રાજ્યની ફરિયાદ કોઈપણ વ્યક્તિ દ્વારા દાખલ કરી શકાય છે જ્યારે યોગ્ય પ્રક્રિયાની અરજી ફક્ત માતાપિતા, વાલી અથવા પુખ્ત વયના વિદ્યાર્થી (અથવા અમુક કિસ્સાઓમાં સ્થાનિક શિક્ષણ એજન્સી) દ્વારા જ દાખલ કરી શકાય છે;

4) રાજ્યની ફરિયાદ વ્યક્તિગત વિદ્યાર્થી અને/અથવા વિદ્યાર્થીઓના જૂથને અસર કરતા પ્રણાલીગત ઉલ્લંઘનો સાથે સંબંધિત હોઈ શકે છે જ્યારે યોગ્ય પ્રક્રિયા અરજી સામાન્ય રીતે વ્યક્તિગત વિદ્યાર્થી સાથે સંબંધિત હોય છે.

# રાજ્યની ફરિયાદનું નિરાકરણ

### *રાજ્યની ફરિયાદ કોણ ફાઇલ કરી શકે છે?*

કોઈપણ, અન્ય રાજ્યની સંસ્થા અથવા વ્યક્તિ સહિત રાજ્યની ફરિયાદની તપાસની વિનંતી કરી શકે છે.

### *રાજ્યની ફરિયાદની તપાસ માટેની વિનંતી કેવી રીતે ફાઇલ કરી શકાય છે?*

**ઇમેઇલ દ્વારા:**specialeducationcomplaints@doe.nj.gov

**મેલ દ્વારા:**

ડિરેક્ટર

ઑફિસ ઑફ સ્પેશિયલ ઍજ્યુકેશન

ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ ઍજ્યુકેશન

P.O. બૉક્સ 500

ટ્રેન્ટન, ન્યૂ જર્સી 08625-0500

### *શું રાજ્યની ફરિયાદ ફાઇલ કરવા માટે કોઈ સમય મર્યાદા છે?*

હા. રાજ્યની ફરિયાદ ફાઇલ કરવા માટે સમયમર્યાદાઓ સ્થાપિત કરવામાં આવી છે જેથી મુદ્દાઓ યોગ્ય નિરાકરણ સુધી પહોંચવા માટે બહુ જૂના ન થઈ જાય. ઑફિસ ઑફ સ્પેશિયલ ઍજ્યુકેશન (Office of Special Education, OSE)ને ફરિયાદ મળ્યાની તારીખના એક વર્ષથી વધુ સમય પહેલા ન થયા હોય એવા ઉલ્લંઘનનો ફરિયાદીએ આરોપ મૂકવો જોઇએ.

## *રાજ્યની ફરિયાદમાં કયા મુદ્દાઓ સંબોધિત કરી શકાય છે?*

રાજ્યની ફરિયાદ ફેડરલ અથવા રાજ્યના વિશેષ શિક્ષણના કાયદાઓ અથવા નિયમનોના ઉલ્લંઘનનો આરોપ લગાવતા કોઈપણ મુદ્દાઓ સંબોધિત કરી શકે છે. આવા મુદ્દાઓમાં શિક્ષણ એજન્સી દ્વારા વ્યક્તિગત બાળક અથવા બાળકોના જૂથને નિ:શુલ્ક, યોગ્ય જાહેર શિક્ષણ (FAPE) અથવા ઓછામાં ઓછા પ્રતિબંધિત વાતાવરણમાં FAPE પૂરું પાડવામાં, એક અથવા વધુ વિદ્યાર્થીઓને વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) દ્વારા જરૂરી તમામ સેવાઓ પૂરી પાડવામાં, બાળક શોધવાની તેની જવાબદારીઓ પૂરી કરવામાં અથવા યોગ્ય રીતે વિદ્યાર્થી(ઓ)નું મૂલ્યાંકન કરવામાં અથવા પાત્રતા નિર્ધારિત કરવામાં નિષ્ફળતાનો સમાવેશ થાય છે. રાજ્યની ફરિયાદો એ નિર્ધારિત કરી શકે છે કે શિક્ષણ એજન્સીએ જરૂરી પ્રક્રિયાઓનું પાલન કર્યું છે કે કેમ - જેમ કે યોગ્ય સહભાગીઓ સાથે વાર્ષિક IEP મીટીંગ યોજવી – ત્યારે રાજ્યની ફરિયાદો મહત્વપૂર્ણ મુદ્દાઓને પણ સંબોધિત કરે છે જેમાં વિકસાવાયેલ IEP અને/અથવા પસંદ કરેલ પ્રસ્તાવિત પ્લેસમેન્ટ વ્યક્તિગત બાળકની ક્ષમતાઓ અને જરૂરિયાતોના સંબંધમાં IDEA જરૂરિયાતો સાથે સુસંગત હતું કે કેમ તેનો સમાવેશ થાય છે. આવા મુદ્દાઓ નક્કી કરતી વખતે ફરિયાદના તપાસકર્તાઓ વિદ્યાર્થીની પ્રગતિનો ડેટા મેળવે છે અને બાળકના શૈક્ષણિક કાર્યક્રમ અથવા સેવાઓ અંગેના IEP ટીમના નિર્ણયો બાળકના વિશિષ્ટ ડેટા સાથે વાજબી રીતે સમર્થિત હતા કે કેમ તે નિર્ધારિત કરે છે. 20 U.S.C. §1412(a)(14)(E) અનુસાર, માતાપિતા સ્ટાફની યોગ્યતાઓ વિશે પણ રાજ્યની ફરિયાદ ફાઇલ કરી શકે છે.

## *શું શિક્ષણ એજન્સી યોગ્ય પ્રક્રિયાની સુનાવણીના નિર્ણયનો અમલ કરવામાં નિષ્ફળ રહી હોવાનો આરોપ લગાવતી રાજ્યની ફરિયાદ ફાઇલ કરી શકાય છે?*

હા, શિક્ષણ એજન્સી યોગ્ય પ્રક્રિયાની સુનાવણીના નિર્ણયનો અમલ કરવામાં નિષ્ફળ રહી હોવાનો આરોપ લગાવતી રાજ્યની ફરિયાદનું નિરાકરણ OSE દ્વારા સમાન પ્રક્રિયાઓ હેઠળ થવું જરૂરી છે કે જે રાજ્યની અન્ય ફરિયાદોને લાગુ પડે છે. રાજ્યની ફરિયાદ તે તારીખના એક વર્ષની અંદર દાખલ થવી જરૂરી છે જે તારીખે યોગ્ય પ્રક્રિયાની સુનાવણીના નિર્ણય દ્વારા આદેશ આપવામાં આવેલ કાર્યવાહી થવી જરૂરી હતી.

જો એક કરતાં વધુ કાર્યવાહીનો આદેશ આપવામાં આવ્યો હોય, તો પછી એવી દરેક કાર્યવાહી માટે અલગ રાજ્યની ફરિયાદ ફાઇલ કરવામાં આવી શકે છે જે થવાનું નિષ્ફળ ગયું હોય, ત્યાં સુધી કે દરેક ફરિયાદ OSE દ્વારા તે તારીખના એક વર્ષની અંદર પ્રાપ્ત થાય કે જે તારીખે આવી દરેક કાર્યવાહી થવી જરૂરી હતી.

# રાજ્યની ફરિયાદનું નિરાકરણ

## *રાજ્યની ફરિયાદનું નિરાકરણ કેવી રીતે કરવામાં આવે છે?*

1) ઔપચારિક ફરિયાદ ફાઇલ કરવી જરૂરી બને તે પહેલાં સંભવિત ફરિયાદી અને શિક્ષણ એજન્સી પરસ્પરની ચિંતાઓને સમજવા અને વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીના શ્રેષ્ઠ હિતમાં સમજૂતી કરવા માટે સાથે મળીને કામ કરે તે સૌથી વધુ ઇચ્છનીય છે.

2) જો OSE પાસે ઔપચારિક ફરિયાદ ફાઇલ કરવામાં આવે તો પક્ષકારોને તપાસ શરૂ થાય તે પહેલાં ફરિયાદમાંના મુદ્દાઓનું નિરાકરણ લાવવા માટે દસ દિવસનો સમયગાળાની મંજૂરી આપવામાં આવે છે. આ દસ દિવસના સમયગાળાને વહેલા નિરાકરણ માટેની તક તરીકે સંદર્ભિત કરવામાં આવે છે. બાબબનું નિરાકરણ થઈ ગયો છે તે દર્શાવવા માટે OSEને સહી કરેલ નિરાકરણનું નિવેદન સબમિટ કરવામાં આવે છે. પક્ષકારોને પણ કોઈપણ ખર્ચ વિના મધ્યસ્થી ઉપલબ્ધ છે.

3) તપાસના સમયગાળા દરમિયાન, OSE ઇન્ટરવ્યુ લઈ શકે છે, પક્ષકારો દ્વારા સબમિટ કરેલા દસ્તાવેજોની સમીક્ષા કરી શકે છે, નીતિઓ, પ્રક્રિયાઓ અને વિદ્યાર્થી રેકોર્ડ(ર્ડ્સ)ની સમીક્ષા કરી શકે છે અને શિક્ષણ એજન્સી વિશેષ શિક્ષણના કાયદા અથવા નિયમનનું ઉલ્લંઘન કરી રહી છે કે કેમ તે અંગે સ્વતંત્ર નિર્ધારણ સુધી પહોંચવા માટે જરૂરી હોય મુજબ કાર્યક્રમોના નિરીક્ષણ સહિતની સ્થળ પર તપાસ કરી શકે છે. જો રાજ્યના શિક્ષણ વિભાગ સામે રાજ્યની ફરિયાદ દાખલ કરવામાં આવી હોય તો OSE તપાસ હાથ ધરવા અને રિપોર્ટ જારી કરવા માટે બહારના પક્ષકારનો ઉપયોગ કરી શકે છે.

4) જ્યાં સુધી વહેલી નિરાકરણ પ્રક્રિયા દ્વારા ફરિયાદનું નિરાકરણ ન આવે ત્યાં સુધી એક અહેવાલ જારી કરવામાં આવશે, જેમાં રાજ્યની ફરિયાદનો યોગ્ય વિષય હોય તેવા દરેક આરોપ અંગેના તથ્યપૂર્ણ તારણો, નિષ્કર્ષો, અંતિમ નિર્ણય માટેના કારણો અને ઉલ્લંઘનને દૂર કરવા માટે શિક્ષણ એજન્સીએ કોઈપણ સુધારાત્મક કાર્યવાહી કરવી જરૂરી હોય (અમલીકરણ અને પૂર્ણ થવાની સમયમર્યાદા સહિત) તેનો સમાવેશ હશે. સુધારાત્મક કાર્યવાહીમાં પૂરક સેવાઓ, નાણાકીય વળતર અથવા વિદ્યાર્થી(ઓ)ની જરૂરિયાતોને અનુરૂપ અન્ય રાહતનો સમાવેશ થઈ શકે છે. સુધારાત્મક કાર્યવાહી યોજનાઓમાં ઉલ્લંઘન ફરી ન થાય તેની ખાતરી કરવા માટેના નિર્દેશોનો સમાવેશ પણ હોઈ શકે છે.

## *રાજ્યની ફરિયાદની તપાસની વિનંતીમાં કઈ માહિતીનો સમાવેશ હોવો જરૂરી છે?*

### *રાજ્યની ફરિયાદમાં આનો સમાવેશ હોવો જરૂરી છે:*

- ☑ એવું નિવેદન કે ફેડરલ અથવા રાજ્યના વિશેષ શિક્ષણના કાયદાઓ અથવા નિયમનોનું એક અથવા વધુ વખત ઉલ્લંઘન થયું છે.
- ☑ દરેક કથિત ઉલ્લંઘન થયું હતું એ સમયગાળો અથવા તારીખો.

**નોંધ: તમારે એવા ઉલ્લંઘનનો આરોપ મૂકવો જરૂરી છે જે OSEને ફરિયાદ મળ્યાની તારીખના એક વર્ષથી વધુ સમય પહેલા ન થયા હોય.**

- ☑ તથ્યો કે જેના પર ફેડરલ અથવા રાજ્યના વિશેષ શિક્ષણના કાયદાઓ અથવા નિયમનોના દરેક કથિત ઉલ્લંઘન આધારિત છે (તમને એવા કોઈપણ દસ્તાવેજોની નકલો પૂરી પાડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે જે તમારા આરોપ(પો)ને સમર્થન આપતા હોય). જો તમે દાવો કરી રહ્યાં હોવ કે ડિસ્ટ્રીક્ટ વિદ્યાર્થીના ચોક્કસ IEP નો અમલ કરવામાં નિષ્ફળ ગઈ છે અને તમારી પાસે IEP ની નકલ છે તો કૃપા કરીને સંપૂર્ણ IEP ની નકલ તેમજ તમારા આરોપોને સમર્થન આપતા હોય એવા અન્ય દસ્તાવેજોનો સમાવેશ કરો.
- ☑ ફરિયાદ ફાઇલ કરી રહેલ વ્યક્તિનું નામ, સરનામું, સહી અને સંપર્ક માહિતી.
- ☑ જો કોઈ ચોક્કસ બાળક અથવા ચોક્કસ બાળકોના સંદર્ભમાં ઉલ્લંઘનનો આરોપ લગાવવામાં આવે તો તમારે આ પણ પૂરું પાડવું જરૂરી છે:
    - ચોક્કસ બાળક અથવા બાળકો અને સ્કૂલ(લો) ના નામ(મો) જ્યાં કથિત ઉલ્લંઘન(નો) થયું હતું;
    - ફરિયાદ ફાઇલ કરી રહેલ વ્યક્તિનો ચોક્કસ વિદ્યાર્થી(ઓ) સાથે સંબંધ;
    - સમસ્યાને લગતા તથ્યો સહિત, સમસ્યાના પ્રકારનું વર્ણન;
    - ફાઇલ કરતી વખતે તમને જાણમાં હોય અને ઉપલબ્ધ હોય એ હદ સુધી તમે સમસ્યાનું નિરાકરણ કેવી રીતે કરવા ઇચ્છો છો તેનું નિવેદન.
- ☑ બેઘર બાળક અથવા યુવકના કિસ્સામાં, બાળકની સંપર્ક માહિતી.
- ☑ જો બાળકોના જૂથના સંદર્ભમાં ઉલ્લંઘનનો આરોપ લગાવી રહ્યાં હોવ તો તમારે કથિત ઉલ્લંઘનથી અસરગ્રસ્ત વિદ્યાર્થીઓના જૂથ અને કથિત ઉલ્લંઘન(નો) જ્યાં થયું હોય તે સ્કૂલ(લો)નો ઉલ્લેખ કરવો જરૂરી છે. ઉદાહરણ તરીકે, તમે એવો આરોપ લગાવી શકો છો કે શિક્ષણ એજન્સી [સ્કૂલનું નામ] માં 3જા ગ્રેડના વિદ્યાર્થીઓ માટે વર્ગમાં સહાય પૂરી પાડશે નહીં અથવા ચોક્કસ સામાન્ય શિક્ષણ વર્ગખંડમાં ભણતા વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને તેમના IEP દ્વારા જરૂરી વર્ગમાં સહાય મળી રહી નથી.

**તમને ફરિયાદ ફાઇલ કરવામાં મદદ કરવા માટે <u>મોડેલ ફોર્મ</u>આ પુસ્તિકાના અંતે આપવામાં આવ્યું છે. કૃપા કરીને નોંધ લો કે મોડેલ ફોર્મનો ઉપયોગ જરૂરી નથી; જોકે, વિનંતી કરેલ માહિતી પૂરી પાડવાથી તમારી વિનંતીમાં ઝડપ લાવવામાં મદદ મળી શકે છે.**

### *શું રાજ્યની ફરિયાદની નકલ વિદ્યાર્થી(ઓ)ના શૈક્ષણિક કાર્યક્રમ માટે જવાબદાર એવી શિક્ષણ એજન્સીને પૂરી પાડવી જરૂરી છે?*

હા. તમારે રાજ્યની ફરિયાદની નકલ શિક્ષણ એજન્સીને ફોરવર્ડ કરવી જરૂરી છે કે જેની સામે ફરિયાદ કરવામાં આવે છે, એ જ સમયે કે જ્યારે તમે ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ ઍજ્યુકેશનમાં ફરિયાદ કરો છો.

### *રાજ્યની ફરિયાદ પર નિર્ણય લેવામાં કેટલો સમય લાગે છે?*

ફેડરલ/રાજ્યના કાયદા અને નિયમનોમાં જરૂરી છે કે OSEને લેખિત, સહી કરેલ ફરિયાદ મળ્યાના 60 કેલેન્ડર દિવસની અંદર ફરિયાદ પર નિર્ણય લેવામાં આવે. OSE ના ડિરેક્ટર માત્ર ત્યારે જ તપાસ પૂર્ણ કરવા માટે સમયમર્યાદા લંબાવી શકે છે કે જો કોઈ ચોક્કસ ફરિયાદના સંદર્ભમાં અસાધારણ સંજોગો અસ્તિત્વમાં હોય અથવા જો માતાપિતા અને શિક્ષણ એજન્સી વિવાદમાં મધ્યસ્થી કરવા અથવા વિવાદના નિરાકરણના અન્ય માધ્યમોમાં સામેલ થવા માટે સંમત થાય. આ કારણોસર, પક્ષકારોને ફરિયાદમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓના નિરાકરણ માટે સહકારપૂર્વક કામ કરવા અને/અથવા જરૂરી દસ્તાવેજો તાત્કાલિક સબમિટ કરવાનું કહેવામાં આવે છે.

### *જો બિનઅનુપાલનના ક્ષેત્રો હોય તો શું થાય છે?*

જો શિક્ષણ એજન્સી બિનઅનુપાલનકર્તા હોવાનું જણાય તો OSE દ્વારા જારી કરાયેલ અહેવાલમાં, જો જરૂરી હોય તો તકનીકી સહાય અને ફેડરલ અને રાજ્યના કાયદાઓ અને નિયમનોનું અનુપાલન કરવા માટે વિકસાવવામાં આવેલ સુધારાત્મક કાર્યવાહીમાં યોજનાનો સમાવેશ થશે.

### *જો રાજ્યની ફરિયાદમાં એવું જણાય કે યોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી ન હતી અથવા IEP નો સંપૂર્ણપણે અમલ કરવામાં આવ્યો ન હતો અથવા FAPE ઑફર કરતું ન હતું તો વ્યક્તિગત વિદ્યાર્થી અથવા વિદ્યાર્થીઓના જૂથ માટે શું ઉપાયો છે?*

જો OSEને યોગ્ય સેવાઓ પ્રદાન કરવામાં નિષ્ફળ જણાય તો તેણે આ નિષ્ફળતાને ભૂતકાળના ઉલ્લંઘનો જેમ કે પૂરક સેવાઓ અથવા નાણાકીય વળતર તેમજ તમામ વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે સેવાઓની યોગ્ય ભાવિ જોગવાઈઓના ઉપાયો દ્વારા દૂર કરવી જરૂરી છે.

## રાજ્યની ફરિયાદનું નિરાકરણ

### *જો રાજ્યની ફરિયાદ એ સમાન મુદ્દા પર ફાઇલ કરવામાં આવે છે કે જે યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં સંબોધવામાં આવી રહ્યો છે તો શું થાય છે?*

જો રાજ્યની ફરિયાદ એ સમાન મુદ્દા પર સબમિટ કરવામાં આવે છે કે જે યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં સંબોધવામાં આવી રહ્યો છે, તો રાજ્યની ફરિયાદને યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની સમાપ્તિ સુધી બાજુએ (સ્થગિત રાખવી) રાખવી જરૂરી છે. જો રાજ્યની ફરિયાદમાં ઘણા બધા મુદ્દાઓ હોય અને એક અથવા વધુ મુદ્દાઓ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં સામેલ હોય તો રાજ્યની ફરિયાદમાંના મુદ્દાઓ કે જે યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં સંબોધવામાં આવે છે તેને યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની સમાપ્તિ ન થાય ત્યાં સુધી બાજુએ રાખવામાં આવે છે. જોકે, રાજ્યની ફરિયાદમાંનો કોઈપણ મુદ્દો જે યોગ્ય પ્રક્રિયાની સુનાવણીનો ભાગ નથી તેનું હજુ પણ જરૂરી સમયમર્યાદામાં નિરાકરણ લાવવું જરૂરી છે.

### *જો મેં પહેલાથી જ રાજ્યની ફરિયાદની તપાસની વિનંતી કરી હોય તો શું હું હજુ પણ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરી શકું છું?*

હા. તે તથ્ય કે રાજ્યની ફરિયાદ ફાઇલ કરવામાં આવી છે તે રાજ્યની ફરિયાદમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ અંગે યોગ્ય પ્રક્રિયાની વિનંતી કરવાના અધિકારને મર્યાદિત કરતી નથી. જોકે, જો રાજ્યની ફરિયાદ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીને પણ આધિન હોય તો OSE એ રાજ્યની ફરિયાદના એવો કોઈપણ ભાગ કે જે સુનાવણીની પ્રક્રિયામાં સંબોધવામાં આવી રહ્યો છે તેને જ્યાં સુધી સુનાવણીની સમાપ્તિ ન થાય ત્યાં સુધી બાજુએ રાખવો જરૂરી છે.

### *જો રાજ્યની ફરિયાદ કોઇ એવા મુદ્દા પર દાખલ કરવામાં આવે કે જેનો નિર્ણય પહેલેથી જ યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં લેવામાં આવ્યો છે તો શું થાય છે?*

જો રાજ્યની ફરિયાદમાં એવો કોઈ મુદ્દો ઉઠાવવામાં આવે છે જેનો અગાઉ સમાન પક્ષકારોનો સમાવેશ કરતી યોગ્ય પ્રક્રિયાની સુનાવણીમાં નિર્ણય લેવામાં આવ્યો હોય તો સુનાવણીનો નિર્ણય બંધનકર્તા છે. OSE એ રાજ્યની ફરિયાદ સબમિટ કરનાર વ્યક્તિ અથવા સંસ્થાને જાણ કરવી જરૂરી છે કે યોગ્ય પ્રક્રિયાની સુનાવણીનો નિર્ણય બંધનકર્તા છે. તેથી, રાજ્યની ફરિયાદની તપાસ હાથ ધરી શકાતી નથી.

### *શું મારી પાસે રાજ્યની ફરિયાદ વિશે વધારાની માહિતી પૂરી પાડવાની તક હશે?*

હા. ફરિયાદીને રાજ્યની ફરિયાદ વિશે મૌખિક અથવા લેખિતમાં વધારાની માહિતી પૂરી પાડવાની તક આપવામાં આવે છે.

# રાજ્યની ફરિયાદનું નિરાકરણ

## *મને રાજ્યની ફરિયાદ તપાસના પરિણામો વિશે કેવી રીતે જાણ કરવામાં આવશે?*

તમને વિનંતિ મળ્યાના 60 કેલેન્ડર દિવસોમાં તથ્યના તારણો, નિષ્કર્ષો, નિર્ણયના કારણો અને કોઈપણ જરૂરી સુધારાત્મક કાર્યવાહીનો લેખિત અહેવાલ મળશે, સિવાય કે વિક્ષેપિત સંજોગોમાં સમયમાં વધારો મંજૂર કરવામાં આવે.

## *જો કોઈ પક્ષકાર માને છે કે અહેવાલમાં કોઈ ભૂલ છે તો કયા પગલાં લઈ શકાય છે?*

જો કોઈ પક્ષકાર (ફરિયાદી અથવા શિક્ષણ એજન્સી) માને છે કે કોઈ ભૂલ છે જે નિષ્કર્ષ, પાલન અથવા બિનઅનુપાલનના નિર્ધારણને અથવા સુધારાત્મક કાર્યવાહીને અસર કરે છે, તો પક્ષકાર અહેવાલની તારીખના 15 દિવસની અંદર OSE અને અન્ય પક્ષકારને લેખિતમાં જાણ કરી શકે છે. પત્રમાં કથિત ભૂલને ઓળખવી જરૂરી છે અને ભૂલ થઈ હોવાના દાવાના સમર્થનમાં કોઈપણ દસ્તાવેજો સામેલ કરવા જોઇએ. જો કોઈ પક્ષકાર સંબંધિત દસ્તાવેજો સબમિટ કરવામાં નિષ્ફળ જાય તો OSE દાવાની સમીક્ષા કરી શકશે નહીં. પત્ર અને દસ્તાવેજો મળ્યા પછી OSE નક્કી કરશે કે ભૂલ થઈ હતી કે કેમ તે નક્કી કરવા માટે કયા પગલાં લેવામાં આવશે. બન્ને પક્ષકારોને પરિણામની લેખિતમાં જાણ કરવામાં આવશે. જો કોઈ ભૂલ પુરવાર થાય છે તો જરૂર મુજબ અહેવાલમાં સુધારો કરવામાં આવશે.

## *જો હું રાજ્યની ફરિયાદના તપાસના પરિણામ સાથે અસંમત હોઉં તો શું થશે?*

ફરિયાદની તપાસના અહેવાલને એજન્સીનો અંતિમ નિર્ણય ગણવામાં આવે છે. તેથી તમે ન્યૂ જર્સી એપેલેટ ડિવીઝનની સુપિરિયર કોર્ટમાં અપીલ ફાઇલ કરી શકો છો. અપીલ ફાઇલ કરવા માટે તમારી પાસે નિર્ણયની તારીખથી 45 દિવસ હોય છે. વધુ માહિતી અહીં ઉપલબ્ધ છે: https://www.njcourts.gov/self-help/appeals/guide.

વૈકલ્પિક રીતે, તમે અગાઉ રાજ્યની ફરિયાદ નોંધાવી હોય તેમ છતાં તમારી ચિંતાઓને સંબોધવા માટે યોગ્ય પ્રક્રિયાની સુનાવણીની વિનંતી ફાઇલ કરવાનો તમને અધિકાર છે.

# રાજ્યની ફરિયાદનું નિરાકરણ

### *જો શિક્ષણ એજન્સી રાજ્ય દ્વારા તેના અહેવાલમાં આદેશ આપવામાં આવેલ કોઈપણ સુધારાત્મક કાર્યવાહીનું પાલન ન કરે તો હું શું કરી શકું છું?*

તમારે OSEને લેખિતમાં જાણ કરવી જોઇએ કે ફરિયાદમાં સામેલ શિક્ષણ એજન્સીએ રાજ્યના લેખિત નિર્ણય અને/અથવા સુધારાત્મક કાર્યવાહીના એક અથવા વધુ પાસાઓનો અમલ કર્યો નથી. જો OSEને જાણ થાય કે શિક્ષણ એજન્સીએ રાજ્યના લેખિત નિર્ણય અને/અથવા સુધારાત્મક કાર્યવાહીનો સમયસર સંપૂર્ણપણે અમલ કર્યો નથી, તો તેણે જ્યાં સુધી શિક્ષણ એજન્સી શક્ય તેટલી વહેલી તકે સંપૂર્ણપણે પાલન ન કરે ત્યાં સુધી તેની સુધારાત્મક કાર્યવાહીની યોજનાના તમામ પાસાઓનો અમલ કરવા માટે પગલાં લેવા જરૂરી છે, પરંતુ કોઈ પણ સંજોગોમાં રાજ્ય દ્વારા બિનઅનુપાલનની ઓળખ થયા પછીના એક વર્ષ કરતાં વધુ નહીં.

### *રાજ્યની ફરિયાદ સિસ્ટમ શું નથી કરી શકતી?*

OSE 1973 ના રિહેબિલીએશન અધિનિયમની કલમ 504 ના કથિત ઉલ્લંઘનો અથવા નાગરિક અધિકારોના ઉલ્લંઘનના અન્ય આરોપો અંગેની ફરિયાદોની તપાસ કરતું નથી. આ બાબતોને સીધી યુએસ ડિપાર્ટમેન્ટ ઑફ ઍજ્યુકેશનમાં ઑફિસ ફોર સિવિલ રાઈટ્સને 800-421-3481 પર અથવા ન્યૂ જર્સી ઑફિસ ઑફ એટર્ની જનરલની, ડિવીઝન ઓન સિવિલ રાઈટ્સને સંબોધિત કરવામાં આવે છે, https://www.njoag.gov/about/divisions-and-offices/division-on-civil-rights-home/.

ઉપરાંત, ઉપર સંબોધવામાં આવેલ સ્ટાફની યોગ્યતાઓ સિવાય OSE કર્મચારીઓની સમસ્યાઓ અથવા સામાન્ય શિક્ષણની બાબતોને સંબોધિત કરી શકતું નથી. સ્થાનિક બોર્ડ તેમની સ્કૂલોની કામગીરી માટે જવાબદાર છે, જેમાં કર્મચારીઓની દેખરેખ અને કાર્યક્રમોના સંચાલનનો સમાવેશ થાય છે**.**

## શિસ્તભંગની પ્રક્રિયાઓ

### *જો મારું બાળક વિદ્યાર્થીની આચારસંહિતાનું ઉલ્લંઘન કરે તો શું મારા સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તેની અથવા તેણી સામે શિસ્તભંગના પગલાં લેવા જોઇએ?*

ના. વિદ્યાર્થી આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ શિસ્તભંગના પગલાં તરીકે પ્લેસમેન્ટમાં ફેરફાર યોગ્ય છે કે કેમ તે નક્કી કરતી વખતે તમારી સ્કૂલ ડિસ્ટ્રીક્ટ તમારા બાળકના અનન્ય સંજોગોને ધ્યાનમાં લઈ શકે છે.

### *શું સ્કૂલ ડિસ્ટ્રીક્ટ મારા બાળકને તેના અથવા તેણીના વર્તમાન પ્લેસમેન્ટમાંથી શિસ્તભંગના કારણોસર દૂર કરી શકે છે?*

હા. જો બિન-વિકલાંગ બાળકોને સમાન અપરાધ માટે દૂર કરવામાં આવશે તો સ્કૂલના સત્તાવાળાઓ તમારા બાળકને સ્કૂલના નિયમોના કોઈપણ ઉલ્લંઘન માટે એક સમયે 10 થી વધુ સ્કૂલ દિવસો માટે નહીં એ રીતે તેના અથવા તેણીના વર્તમાન પ્લેસમેન્ટમાંથી સસ્પેન્ડ (દૂર) કરી શકે છે. જોકે, વિકલાંગતા ધરાવતા પ્રિ-સ્કૂલના વિદ્યાર્થીઓને લાંબા ગાળા અથવા ટૂંકા ગાળા માટે સસ્પેન્ડ કરી શકાતા નથી અને તેમને કાઢી શકાતા નથી.

### *જો મારા બાળકને સ્કૂલના 10 કરતાં ઓછા દિવસો માટે દૂર કરવામાં આવે તો તેને અથવા તેણીને કોઈ સેવાઓ મળશે?*

હા. સામાન્ય શિક્ષણને આવરી લેતા નિયમનોમાં જરૂરી છે કે તમામ વિદ્યાર્થીઓને શિસ્તભંગના કારણોસર દૂર કરવાના સળંગ પાંચમા દિવસ સુધીમાં શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવામાં આવે. આનો અર્થ એ છે કે વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને શિસ્તભંગના કારણોસર કોઈપણ દૂર કર્યાના પાંચમા દિવસે તેમના IEP સાથે સુસંગત સેવાઓ પૂરી પાડવી જરૂરી છે, અથવા વહેલું, જો ડિસ્ટ્રીક્ટ નક્કી કરે કે સેવાઓ પૂરી પાડવી યોગ્ય છે.

### *શું સ્કૂલ ડિસ્ટ્રીક્ટ મારા બાળકને ગેરવર્તણુંકની અલગ-અલગ ઘટનાઓ માટે વારંવાર દૂર કરી શકે છે?*

